પ્રેમમન્ડળ.

પુસ્તક ૪ થું

('અન્તર્ગત.')

ગોપીચંદ.

પ્રસિદ્ધ કર્તા.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

બુકસેલર–અમદાવાદ.

ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ–અમદાવાદ.

સંવત ૧૯૫૬. સને ૧૯૦૦.

યોગીન્દ્ર ગોપીચંદ.

यं जानंति न वेदांत सिद्धांत ग्रन्थ कोटयः।
तं वंदे परमानंदं यतिराजं दिगंबरं॥

ઉત્તરખંડમાં ગૌડબંગાલા દેશ જગત્‌વિખ્યાત છે. ત્યાં ત્રિલોકચન્દ્ર નામનો મહાપ્રતાપી રૂપવાન્ અને સદ્‌ગુણનો ભંડાર,' એવો રાજા નીતિથી રાજ્ય કરી પ્રજાનું પુત્રવત્ પાલન કરતો હતો, તેથી સર્વ પ્રજા નિરંતર રાજાનું શ્રેય ઇચ્છતી હતી. તે ત્રિલોકચન્દ્ર રાજાની સ્ત્રી મેનાવતી નામે હતી. તે મહાસ્વરૂપવાન્ સાધ્વી હતી, તેથી રાજાની તેના ઉપર અત્યંત પ્રીતિ હતી; તે સદ્‌ગુણી અને મહાચતુર હતી. તે મેનાવતી જગત્ વિખ્યાત રાજર્ષિ ભર્ત્તૃહરિ અને પરદુઃખ ભંજન વિક્રમાદિત્યની નાની બેન હતી, તેને એક અતિ સુંદર અને શૌર્યોદાર્યાદિ અનેક ગુણ સંપન્ન એક પુત્ર થયો. તેનું નામ ગોપિચંદ હતું. તે ગોપિચંદ શુક્લ-

પક્ષના ચન્દ્રના સમાન દિવસોદિવસ વૃદ્ધિ પામતો હતો; તેટલામાં દૈવયોગે ત્રિલોકચન્દ્રરાજાનો સ્વર્ગવાસ થયો તેથી મેનાવતીને પારાવાર દુઃખ થયું; પરંતુ પુત્ર ગોપિચંદને જોઇને તે દુઃખને વિસારી દિવસ નિર્ગમન કરતી હતી. ગોપિચંદ પોતાના પિતાના રાજ્યનો વહિવટ કરવા લાગ્યો. ગોપિચંદ અત્યંત રૂપાળો, સુન્દર, નાજુક, દયાળુ, વિચક્ષણ, ધાર્મિક, નીતિવાન્, પ્રજાપ્રેમી, શૂરવીર, અને રાજકાજમાં ઘણો પ્રવીણ હતો. તેણે સ્વપરાક્રમવડે ઘણા દેશ જીતીને રાજ્યનો વિસ્તાર વધારયો હતો. એના શૂરાતનથી મોહિત થઇને ખંડિયારાજાઓ થરથર કંપતા હતા. તે ગોપીચંદને **ચંપાવતી** નામે એક બેન હતી અને તેનું કુંદનપુરના કુંદનસેને પાણીગ્રહણ કર્યું હતું. મહારાજા ગોપિચંદને ઔમાનામની પટરાણી હતી. અને તે વગર કુમુદા, સુલક્ષણા અને રસિકમાલતી–આદિ બારસો પરણેલી રાણીઓ હતી. અને તે વગર બીજી સોળસો રાખેલી સ્ત્રીઓ હતી. આ પ્રમાણે ગોપીચંદરાજા વિષય સરોવરમાં ક્રીડા કરતો હતો. તેથી તેને રાત ત-

થા દિવસ પળ પ્રમાણે વ્યતીત થતાં હતાં. તેને કોઇ પણ પ્રકારની ચિંતા નહતી. તેનો પ્રધાન મહારણ પંડિત, અને નીતિ કુશળ હતો તેથી રાજ્યની વ્યવસ્થા ઉત્તમ પ્રકારે કરતો હતો. સર્વ રાજ સેવકો પોતપોતાના કામમાં અતિ તત્પર રહેતા હતા. માત્ર મહારાણિ મૈનાવતી પતિ વિયોગથી, ગોપીચંદના રાજ્યમાં દુઃખી દૃષ્ટિએ આવતી હતી. દૈવી દુઃખ પાસે કોઇનો કાંઇ પણ ઉપાય ચાલતો નથી. રાજમાતા મૈનાવતી પોતાના સાત માળના ઊંચા મેહેલમાં ચડીને શેહેરના ચમત્કારનું અવલોકન કરતી હતી. અને તેને પોતાના પતિના મરણ પછી વૈરાગ્ય ઉત્પન્ન થતાં તે પોતાના દેહને ક્ષણભંગુર સમજી પારલૌકિક હિત સાધવાને તત્પર થઇ હતી. સાંસારિક મોહ માયામાં સપડાવાથી વારંવાર શોકાતુર થતી હતી અને કોઇ મહાસિદ્ધ મળે તો તે દ્વારા જ્ઞાન સંપાદન કરવાને માટે અત્યંત આતુર હતી. એક દિવસ દાસીની સાથે રાજમેહેલના ઝરૂખામાં વાત ચિત્ત કરતી બેઠી હતી. તેટલામાં કોઇ અલૌકિક મહાપુરૂષને રાજ માર્ગમાં

ભિક્ષાર્થે ફરતો જોયો તેનો તપાસ કરાવતાં તે જગત્ વિખ્યાત **જાલંધર** નામના યોગીવર હતા. તે જાલંધર યોગી સ્વસુખમાં નિરતર મગ્ન રહેતા હતા. માયા મમતાનો ત્યાગ કરીને શાંતચિત્ત થઇને તે યોગીવર નગરમાં અલેખ જગાવીને પેટ પુરતું અન્ન મેળવતા હતા. અને અરણ્યમાં ફરીને કાષ્ઠ એકઠાં કરીને શુષ્કલાકડાં વેચવા માટે ભારો કરી પોતાને માથે લાકડાંનો ભારો મુકીને નગરમાં જતા હતા. તે મેનાવતીના જોવામાં આવ્યા. તે સાધુના શરીરનો પડછાયો ભૂમી ઉપર પડતો નહતો. અને લાકડાંનો ભારો મસ્તકથી એક હાથ ઊંચો અધર રહેતો હતો, તે જોઇને રાજમાતા મહાવિસ્મય પામી. અને મૈનાવતી પોતાના મનમાં વિચાર કરવા લાગી કે—આ માનવ રૂપે જણાય છે ખરો પણ તેની કૃતિ અનુપમ દેખાય છે; આ સાક્ષાત્ ઇશ્વરનો અવતાર છે તેમાં સદેહ નથી; કારણ કે જગત્ના ઉદ્ધારાર્થે સંતોની મંડલી અનેક સ્થાનોમાં જોવામાં આવે છે પતિત પાવનની બિરૂદાવલિ ત્રિભૂવનમાં ગાજે છે. આવો સદ્ગુરૂ જ્યારે

મને પ્રાપ્ત થાય ત્યારે મારો જન્મ સફલ થયો સમજું, માટે હવે લાજ, માન અને લૌકિક અપવાદ તેનો ત્યાગ કરીને અનન્ય ભાવથી એ સત્પુરૂષને શરણુ જાઉં. આ પ્રમાણે દૃઢનિશ્ચય કરીને લક્ષ પૂર્વક તે સત્પુરૂષ સામું જોવા લાગી જેમ ચકોર પોતાની ચાંચ વિસ્તારીને ચન્દ્રને નિરખે છે, કિંવા ચાતક ક્ષુધાશાંત કરવા માટે મેઘ મંડલને નિરખે છે અથવા કામી પુરૂષ, કામિનીનું અવલોકન કરે છે; અથવા વૈશ્ણુવ સ્નાન સંધ્યાદિક કરીને સગુણુ સ્વરૂપનું ધ્યાન કરે છે, તે પ્રમાણે મૈનાવતીની આંખ્યો તે જાલંધરમાં લાગી ગઇ એ જાલંધરયોગી પાસેના નીલવનમાં ઉતરયા હતા, પણુ તે દિવસે યોગીવર જાલંધર શહેરમાં આવી બજારમાં એક સ્થળે વિશ્રાંતિ લેતા હતા. તે સમય હળવે હળવે મૈનાવતી મેહલ ઉપરથી ઉતરીને સત્પુરૂષના મુખ દ્વારા ઉપદેશ લેવાની ઘણા દિવસની શુભ વાંછના પરિપૂર્ણ કરવાને તૈયાર થઇને ષોડશોપચાર પૂજા બરાબર લઇને જાલંધર પાસે ગઈ અને અનન્ય ભાવથી નમસ્કાર કરીને વિનય પૂર્વક મધુર વચન કહ્યાં કે, હે

સ્વામી ! મારા ઉપર ત્વરિત કૃપા કરો. તે કમળ સદશ નેત્રવાળી મેનાવતી કોઇનો પણ ભય ન રાખતાં વિશ્વંભરમાં ચિત્ત લગાડી હાથ જોડી વિનતિ કરવા લાગી કે સંસાર સાગરથી તારી અભયદાન આપો. આ પ્રમાણે મૈનાવતીની વિનતિ શ્રવણ કરીને જાલંધરે કહ્યું કે–હું જોગી નથી હું તો ભવરોગી છું સર્વે અંગે રાખ ચોળીને કેવળ ઉઘાડો ફરનારો સ્વચ્છંદી છું તારો પુત્ર ગોપીચંદ અતિવિખ્યાત રાજા છે. તેની તું માતા છે. માટે કોઇ સાધુને શરણ જા તેથી તારૂં કલ્યાણ થશે મુદ્રા ધારણ કરી, લક્ષ્મીનો લય જાણી લોક લાજનો ત્યાગ કરી માત્ર ઉદર નિર્વાહને માટે છપન દેશમાં ભ્રમણ કરૂં છું માટે મને સાધુત્વ શી રીતે પ્રાપ્ત થાય ? તેનો જરા વિચાર કરય. જો સૂર્યનો તાપ અંગ દાહક થતાં હું વૃક્ષની છાયામાં જઈ વસતો નથી. ઘાસ પાથરીને તેના ઉપર શયન કરૂં છું. જોગ કાંઇ જાણતો નથી. અને સંસારની પ્રીતિ મને આજપર્યન્ત વિદિત નથી.

આવું સદ્દગુરૂનું ભાષણ શ્રવણ કરીને, મૈનાવતી-

એ પુનઃસાષ્ટાંગ નમસ્કાર કરી વિનતિ કરી કે—હે મહારાજ! આપના મહિમાને જાણીને, હું અનન્યભાવથી શરણે આવીછું. અત્યંત શીતકાળ આવતાં તેનો ભય જળચરોને જરાપણ હોતો નથી, સૂર્યના તાપથી કમળ સૂકાઇ જતું નથી, તે પ્રમાણે હે સદ્દગુરૂ ! હું આપને શરણ આવીછું, મેઘ અમોઘ વૃષ્ટિ કરે તો તેથી પર્વત પડી જતો નથી. ધૂળ પવનથી ઊંચે ચડે છે, પણ તેને આકાશની પ્રાપ્તિ થતી નથી, મેં લોકાપવાદનો ભય જરાપણ રાખ્યો નથી. જેમ ગંગા સમુદ્રને મળે છે તેમ હું તમારે શરણ આવીછું. મારો દૃઢ વિશ્વાસ છે તે નિઃસન્દેહ સફલ થશે. આ પ્રમાણે મૈનાવતીનો શુદ્ધ ભાવ અવલોકન કરી, ગુરૂ જાલંધર પ્રસન્ન થયા. અને ઉપદેશ લેવાની તેની તીવ્ર લાગણી જોઈ પ્રેમથી રાજમાતાના મસ્તક ઉપર હાથ રાખી તેને ગુરૂ મંત્ર આપ્યો. તે નામ મંત્રનું શ્રવણ થતાંજ દેહાભિમાન નષ્ટ થયું. અને સદ્દગુરૂની કૃપાથી સ્વાત્મ સુખમાં અતિ નિમગ્ન થઈ કૃતાર્થ થઇ ગઇ તેને મરણનો ભય રહ્યોજ નહિ. આ પ્રમાણે રાજમા-

તા મૈનાવતીનો સ્વાત્મ સુખનો આનંદ ઉત્તરોત્તર વૃદ્ધિ પામવા લાગ્યો. અને તેની અત્યંત શાન્ત વૃતિ થઇ ગઇ. અને તે સદ્દગુરૂને નમસ્કાર કરીને રાજમેહેલમાં ગઇ. આ પ્રમાણે ગુરૂનો અનુગ્રહ પામેલી મૈનાવતી અત્રકાશ મેળવી નિત્ય નિયમાનુસાર સદ્દગુરૂ પાસે જઇને સ્વસુખનો લાભ લેતી હતી. તેનો જ્ઞાન ચર્ચાનો પ્રેમ શુકલપક્ષના ચન્દ્ર સમાન વૃદ્ધિ પામવા લાગ્યો. અને તે પોતાના સુખદુઃખને કહેવા લાગી, જેમ ઉપાસક મનુષ્ય ઉપાસ્ય દેવને પોતાનું સર્વ દુઃખ કયે છે તે પ્રમાણે રાજમાતા મૈનાવતી સ્વબુદ્ધિ અનુસાર શંકાને જન્મ આપી સમાધાન કરાવતી હતી, પારસનો સ્પર્શ થતાં લોહ પોતાની શ્યામતાનો જેમ ત્યાગ કરે છે વા સુધારસનું પ્રાશન કરતાં રોગી દુઃખાનુંભવ કરતો નથી, કામધેનુના બાળકને જેમ ક્ષુધા કે તૃષ્ણા બાધા કરતી નથી, તેમ મૈનાવતીનું મન ગુરૂ કૃપાથી ઉન્મન થઇ ગયું હતું. ગુરૂ જાલંધર ઉદાસ વૃત્તિ, આખા શરીરે ભસ્મ ચર્ચીને, કંથા ઓઢીને અખંડ વૈરાગ્ય યુક્ત હતા. જેમ વાયુ પાંજરામાં પુ-

રાતો નથી. તથા પૃથિવી ઉપર પ્રકાશ કરીને સૂર્ય જેમ આકાશમાં રહે છે, પુષ્કળ પાણી સહ મોટી નદીઓ સાગરમાં મળે છે અને તેનું જળ જેમ નિર્મળ રહે છે, વા ગ્રીષ્મ ઋતુમાં જેમ સમુદ્રનું જળ ન્યૂન થતું નથી તેમ જાલંધર યોગીનું અન્ય લોકો પૂજન કરતાં ન હતાં છતાં પણ તેને ન્યૂનતા પ્રાપ્ત થઇ ન હતી. તે દીન સમાન જણાતાજ ન હતા. આ પ્રમાણે મહાયોગી જાલંધર કાંચનનગરીમાં રેહેતા હતા. તે ક્ષણુંવાર પણ મૈનાવતીને વિસારે પડતા નહિ. અને અનુગ્રહ પામેલી રાજમાતા પણ સેવા સામગ્રી મોકલતી હતી. આ પ્રમાણે ઘણા દિવસ નિકળી જતાં તેમાં એક દિવસ મોટું વિઘ્ન ઉત્પન્ન થયું. તે સંબંધનું સ્ત્રિયોનું કર્ત્તવ્ય અવશ્ય વાચકોને લક્ષમાં લેવા જોગ છે.

મહારાજા ગોપીચંદ પોતાની પ્રિય રાણીને મેહેલે વિલાસાર્થે ગયો, તેની અવસ્થા જોઈ સંતોષ પામ્યો. મેઘ જેમ વિજળીનું અવલોકન કરે છે, વા સરોવર મધ્યેના કમળ ઉપર જેમ ભ્રમર ગુંજારવ કરવા જાય

છે. તે પ્રમાણે મહારાજા ગોપીચંદ રતિમંદિરમાં પ્રાપ્ત થયો, નાનાપ્રકારથી ભોગ વિલાસ સિદ્ધ કરી ઉત્તમ પ્રકારનાં મલયાગર ચંદનનો ઉત્તમ પ્રકારની કોરણી વાળો જાળીદાર પલંગ હતો તેના ઉપર પુષ્પ સમાન મૃદુ શય્યા હતી તેના ઉપર રાજા બેઠો હતો તે સમય અત્યંત પ્રિતિ યુક્ત રાણીએ માન આપ્યું. આ પ્રમાણે વશ્ય એકાંતનો સમય જાણી મંદહાસ્ય યુક્ત મુખે કરીને રાણીએ કહ્યું કે–હે પ્રાણનાથ! મારૂં વચન આપ લક્ષ્યમાં લ્યો, આપની માતાજી મૈનાવતીની વિપરીત વાર્ત્તા સાંભળવામાં આવી છે, તે વાત કહેવાનો આજ પર્યન્ત અવકાશ મળ્યો ન હતો, આજ એકાંત પ્રાપ્ત થતાં કહેવામાં હરકત નથી. આ પ્રમાણે રાણીનું બોલવું થતાં ગોપીચંદે કહ્યું કે–શું છે તે સર્વ વાર્ત્તા મને કહે, આવું રાજાનું બોલવું થતાં રાણી હર્ષ યુક્ત થઇને કેહેવા લાગી; કારણ કે અદેખાં સ્ત્રી પુરૂષો નિરંતર અદેખાઈ કરવામાંજ પરમાનંદ માને છે, સામાનું શ્રેય દેખીશકતાં નથી, તેઓ દુખમાંથી પુરા કાઢી પારકાની નિંદા કરવામાંજ પ્રીતિ

રાખે છે, તે પ્રમાણે રાજમાતા મૈનાવતીના ઉત્તમ પ્રકારના ભક્તિ ભાવને મનુષ્યો સહન કરી શક્યાં નહિ, જો કે રાજમાતા મૈનાવતી નીતિમાન્ હતી. તે સ્વપ્ને પણ અનીતિને રસ્તે પગ મુકે તેવી ન હતી. તેને તો આ પ્રાપંચિક્ માયાથી ભરપુર સંસાર ઉપરથી મોહ ઉતરી ગયો હતો, તેણે તો મોક્ષનો માર્ગ પકડયો હતો; છતાં પણ તેની બદબોઇ થવા લાગી, અને તે ઉપરથી પાટરાણીઓમાં પોતાની સાસુના ભક્તિભાવને વિપરીત જાણીને મહારાજા ગોપીચંદને સમજાવવા લાગી કે–હે પ્રાણનાથ! આપનાં માતુશ્રી મૈનાવતીનાં આચરણની લોક નિંદા કરે છે, તેનાં વિપરીતાચરણથી આપને કલંક ચોંટશે, હે નાથ! આપના નગરમાં જાલંધરનામનો મહાયોગી આવેલ છે. તે ગહન વનમાં જઇને નિત્ય લાકડાંનો ભારો લાવે છે. તે સ્વચ્છંદી છે. જો કે તે વિદેહી દેખાય છે તો ખરો, પરન્તુ મહાકપટી, મોહીની મંત્ર જાણનારો છે, તે સાથે મૈનાવતીને ઘણીજ પ્રીતિ છે, તેનો ઉપદેશ લેવાને

માટે જઇને ત્યાં એકાન્તમાં તમારી મા બેસે છે, એ કારણથી નગરનાં કુટીલ મનુષ્યો કુતર્ક કરી નિંદા કરે છે, માટે તેનો તમે તુરત ઉપાય કરો, કારણ કે તમે અત્યંત વિખ્યાત મહારાજાછો, શૌર્યૌદાર્ય–આદિ અનેક ગુણ સંપન્ન છે તેને કલંક લાગવાનો સમય પ્રાપ્ત થયો છે.

આવાં પાટરાણીનાં વચન શ્રવણ કરીને ગોપીચંદ સંતપ્ત થયો, અને રાણીને પુછયું કે–તું ખરેખરૂં કહે છે, આનો પ્રભાતે વિચાર કરીને જાલંધરનો નાશ કરીશ, હમણાં તેની કાંઇ કાળજી કરવાની જરૂર નથી. મહા આશ્ચર્યની વાર્ત્તા છે, સ્ત્રીના માયાવી ભાષણથી કેવા અનર્થો થાય છે. સ્ત્રીના ચરિત્રને દેવાદિક પણ જાણવા સમર્થ નથી. તો પછી મનુષ્ય તે શી ગણનામાં છે? સ્ત્રીના ભાષણથી સગા તથા બંધુ પણ વિભક્ત થઇ જાય છે, પિતા અને પુત્ર પણ નોખા થઇ જાય છે, આ પ્રમાણે સ્વજનોમાં કલહ કરાવનારી કેવળ બલારૂપે સ્ત્રી છે, અગ્નિના સંગથી જેમ ઘી પીગળે છે, વા જળમાં મીઠું નાખવાથી જેમ

જળ ખારૂં થઇ જાય છે, મહાપ્રચંડ પવન ચાલતાં જેમ સત્વર મેઘ ચઢી આવે છે, તે પ્રમાણે પુરૂષનાં ધૈર્ય, બળ, વિવેક અને નિશ્ચય સ્ત્રીની કુસંગતીથી સત્વર લય પામે છે, અતિ પવિત્ર ગંગાના જળથી ભરેલા ઘડામાં જરા મદ્ય નાખવાથી જેમ તે ગંગાજળનો ઘડો અપવિત્ર થઇ જાય છે, તે પ્રમાણે સ્ત્રીનાં ભાષણથી ગોપીચંદરાજા અવિવેકી થયો. તેને સુવિચાર કાંઇ પણ સુજતો નહતો.

પ્રાતઃકાળ થતાં મહારાજા ગોપિચંદ ત્વરાથી ઉઠીને, પોતાના કીર્તિરૂપ પવિત્ર પ્રકાશને આંચ લાગશે એવી શંકા લાવીને, વિચાર કરયા વગર તથા પોતાનાં માતુશ્રીને મળ્યા વગર એકદમ આવેશથી સભામાં આવી જાલંધર યોગીને દુરાત્મા સમજી તેનો નાશ કરવા તત્પર થઇ, પ્રધાનને કહ્યું કે—જાલંધર નામનો કોઇ મહાયોગી આપણા નગરમાં આવ્યો છે, તેનાં દર્શન કરવાં છે એવો વિચાર થયો છે માટે તેને અહિ બોલાવી લાવો. તમે જો ઉદ્ધતપણાથી તેની સાથે બોલશો તો તે આવનાર નથી. માટે બરાબર રીતે તેનું

સન્માન કરી, પાલખી–આદિ લઇ તથા સેવકોને પણ સાથે લઈ ત્યાં જઇ સવિનય મધુર ભાષણ કરીને તેને તેડી લાવો. તાલ, વિણા, અને મૃદંગાદિ વાજાંઓનો ઘોષ કરી તે મહાપુરૂષને નાદથી લુબ્ધ કરી તેને સાષ્ટાંગ નમસ્કાર કરી અત્યાદર પૂર્વક લઈ આવો. તેમાં જરાપણ ગફ્લત કરશો નહિ. તમે સર્વ પ્રકારે માહિતછો વિશેષ કાંઇ કથવાની મારે અગત્ય નથી. આ પ્રમાણે રાજાની આજ્ઞા થતાં પ્રધાન તે આજ્ઞાને માન્ય કરી મૃદંગ અને ભેરી–આદિ અનેક વાજાંના સમારંભ યુક્ત ઘણા લોકોને સાથે લઇને પ્રધાન મહાયોગી જાલંધરને તેડવા ચાલ્યો. ધ્વજા, પતાકા અને નટનર્તકાદિક સુસ્વરથી ગાયન કરી સિદ્ધના સ્થાનમાં આવ્યા મહાયોગી જાલંધર ઉદાસ મનથી સ્વસ્થ બેઠેલા હતા, તેને જોઇને પ્રધાને સદ્‌ભાવથી સાષ્ટાંગ નમસ્કાર કરયા. અને આદેશ એમ સર્વ જનોએ કહેતાં જાલંધરે સંતોષ યુક્ત થઇને સર્વને આશીર્વાદ આપી રાજી કરયા. તે પછી બે હાથ જોડીને વિનય પૂર્વક મધુર ભાષણથી પ્રધાને કહ્યું કે–આપનાં દર્શનની મહા-

રાજા ગોપીચંદને ઘણી ઈચ્છા થઈ છે અને તે માટે આ પાલખી આપને લઈ જવા માટે મોકલી છે. માટે આપ વિલંબ ન કરતાં દર્શનનો લાભ રાજાને આપો આપનાં ચરણકમળ રાજમન્દિરમાં થવાથી તે સ્થાન પવિત્ર થશે, એ વાર્ત્તા નિઃસન્દેહ છે.

આ પ્રમાણે ગોપિચંદ રાજાના પ્રધાનનું બોલવું થતાં જાલંધરના મનમાં મહાવિક્ષેપ થયો. મહર્ષિ અગસ્તિના નામથી સમુદ્ર જેમ ભયભીત થાય, તેમ મનુષ્યોનાં ઘણા માનથી મહાયોગી જાલંધરને થતું હતું તેથી જાલંધરે, પ્રધાનને કહ્યું કે–મને રાજા શા માટે બોલાવે છે? કારણ કે હું તો કેવળ નિઃસંગ અને ઉદાસછું મને પ્રપંચ સ્વપ્ને પણ આવડતો નથી. હું તો એકાંત વાસ કરનારોછું તેથી મને રાજદર્શનનું કાંઇપણ કારણ નથી. છતાં પણ જો તમે મને આગ્રહ કરોછો તો હું આવુંછું, પણ તમારૂં રાજ રહેનાર નથી. આ પ્રમાણે કહી મહાયોગી જાલંધરનાથ ત્વરાથી ઉઠી પાલખીમાં ન બેસતાં ચરણથી ચાલીને રાજ્યમન્દિરમાં પધારયા.

જાલંધરનાથને પધારતા જોઇ મહારાજા ગોપીચંદ સામો આવ્યો અને સદ્‌ભાવથી નમસ્કાર કર્યા એટલે યોગેશ્વરે આશીર્વાદ આપ્યો કે તારૂં રાજ્ય નિરંતર તપો ત્યારપછી રાજાએ બે હાથ જોડીને સવિનય મધુર ભાષણથી પ્રાર્થના કરી કે–હે મહારાજ ! આજની રાત્રિ તો અહિંજ નિવાસ કરજો ભોજન અને પૂજાદિક્ યથાયોગ્ય કરવાનો મારો વિચાર છે. માટે મારો દીનનો મનોરથ પૂર્ણ કરજો. રાજાનો અત્યાદર થતાં જાલંધરે રાજાની વિનતિને માન્ય કરી અને તે રાત્રિ ત્યાં રહ્યા. એટલે રાજાએ નાનાપ્રકારના ઉપચાર ત્યાં લાવી કેવળ કૃત્રિમ ભાવથી જાલંધરનાથની સાંગોપાંગ પૂજા કરી બગલો જેમ માછલાંને માટે અનુસરે છે, તથા વ્યભિચારિણી સ્ત્રીનું મન નિરંતર જાર પ્રત્યે રહે છે અને પતિને કેવળ ઉપરનોજ પ્રેમ દાખવે છે તેમ મહારાજા ગોપીચંદ, મહાયોગી જાલંધરને પ્રેમ દાખવવા લાગ્યો અને પૂજન કરવા લાગ્યો. મહાયોગી જાલંધરનાથ માટે ષટ્ રસ ભોજન તૈયાર કરાવી તે જમાડી દિવ્યસેજ ઉપર

તે સિદ્ધને સૂવાડયા. જો કે મહારાજા ગોપીચંદ યોગીવર જાલંધરની પવિત્રતા, શક્તિ અને ક્રિયાને જાણતો નહતો. તેણે તો તત્સ્પર્શી તપાસ કરયા વગર કેવળ પાટરાણી ઓઝમાના ભમાવ્યાથી વહેમાઇને નિર્દોષ મહાત્માને દોષિત ગણ્યો હતો. જો કે ગોપીચંદ પોતે સમજુ હતો. પોતાની માતાની પવિત્રતાને તથા તેનાં સદાચરણને સારી રીતે જાણતો હતો. અને પોતાના ઉપર માતાનો અવર્ણનીય પ્રેમ છે એ સર્વ સમજતો હતો; તો પણ દુર્દૈવથી સ્ત્રીનાં વચનને સત્યમાની જેમ કેટલાક અવિચારી મૂર્ખ રાજાઓ રાજમદથી મસ્તબની જઇને ત્વરાથી સાહસ કર્મ કરે છે. તેવી રીતે ગોપીચંદે પણ સારાસારનો વિચાર કરયા વગર સાહસ કર્મ કરવાનો આદર કરયો. બે પોહોર રાત્રિ વ્યતીત થતાં રાજાએ પોતાની માતુશ્રીને પુછ્યા વગર અને કોઇને કાને આ વાત ન જાય તેવી રીતે સેવકો દ્વારા યોગીવર જાલંધરનાથ કે જે સમાધિસ્થ હતા તેને ગુપ્તપણે અશ્વશાળાના પાછલા ભાગના કુવામાં નાંખ્યા. અને તે ઉપર ઘોડાની લાદ નખાવી

ત્યારપછી સેવકોને રાજાએ કહ્યું કે આ વાત જો તમે કોઇને પણ કહી તો તે પ્રગટ થતાંની સાથે તમારો શિરચ્છેદ કરીશ.

કુહાડો જેમ કલ્પતરૂને કાપી નાખે, કામધેનુ જેમ યવનને હાથ જઇ પડે વા જેમ રાજહંસ તસ્કરોને હાથ જાય, તથા પ્રેમી સજ્જનને નિંદકનો સમાગમ થાય, તે પ્રમાણે ગોપિચંદરાજાએ કૃત્ય કર્યું મહાયોગી જાલંધર અપૂર્વ ભાગ્યથી મળેલા હતા, તેની સેવા ન કરતાં તેને માટે આવો નિચમાર્ગ પકડયો મહાયોગી જાલંધર તો કુવામાં આધાર વગર પણ યોગ બળથી જળમાં સ્વસ્થ આસન કરીને બેઠા. અને રાજાગોપિચંદના અનુચરોએ જે ઉપર ઘોડાની લાદ નાખેલી તે જાલંધરને સ્પર્શ કરયા વગર અધરજ રહી. આખો કુવો લાદથી ભરાઇ ગયો. અને જમીન ઉપર પણ કહાથનો મોટો લાદનો ઢગલો દેખાતો હતો. આ પ્રમાણે મહાયોગી જાલંધરની વ્યવસ્થા કરી ગોપિચંદ સ્વસ્થ થયો. મહારાણી મેનાવતીએ યોગેશ્વર જાલંધરનાથનો પુષ્કળ શોધ કરયો; પરન્તુ સદ્ગુરૂનો કયાંય

પણ પત્તો ન લાગતાં નિરાશ થઈ નિરૂપાય થઇને બેસી રહી. રાજ્યમાતા મેનાવતી ચિંતાયુક્ત થઇ પ્રેમ સહ રૂદન કરવા લાગી. તેની મહાશોચનીય અવસ્થા થઇ પડી. હરિણી જેમ પોતાનાં ટોળામાંથી વિખુટી પડી હોય વા જળ વગરનું માછલું જેમ તરપડે, અ- થવા લોભીનું દ્રવ્ય ચોર ચોરી જાય અને તેની જેવી દશા થાય તેવી અવસ્થા રાજમાતા મેનાવતીની થઈ. ભુખથી આતુર થયેલો મનુષ્ય મિષ્ટાનની જેમ ઇચ્છા કરે, તૃષાક્રાંત જળનો શોધ કરે તથા માતા દૂરજતાં પારણામાં જેમ નાના ધાવણાં બાળક રૂદન કરે તે પ્રમાણે મૈનાવતી રાજમાતાની અવસ્થા થઇ પડી હતી, અને સદ્દગુરૂની ભેટની ઇચ્છા કરતી હતી.

મહાયોગી જાલંધરની યોગ્યતા દેવતાઓ કરતાં વિશેષ હતી. ઇશ્વર પ્રાણી માત્રને પાપ-પુણ્ય પ્રમાણે સુખ દુઃખ ભોગવાવે છે તે પ્રમાણે સાધુ મહાત્માઓની રીતીથી સાધુ માહાત્માઓ તો પ્રાણી માત્રનાં કલ્યાણાર્થે અનુષ્ઠાન કરે છે. તેઓના શ્રેયાર્થેજ તેઓનો પ્રવાસ છે. તીર્થ યાત્રા-આદિ અનેક સત્કર્મ જો કેછે, પરન્તુ તેનો અનુ-

ભવ જોવે છે. તે મનુષ્ય મહા વિરલ છે. આંખમાં ઔષધી નાખવાથી તથા આંખ મિચી જવાથી જેમ કાંઇપણ દેખાતું નથી તેમ પોતાનું મન નિર્મળ કરી, સાધુત્વ સંપાદન કર્યા વગર સત્સંગની વાસ્તવિક યોગ્યતા પ્રાપ્ત થતી નથી. રાજમાતા મૈનાવતી મહા સતિ અને ગુરૂભક્ત હતી તેની યોગ્યતા તે મહા યોગીના સમાનજ હતી.

રાજમાતા મૈનાવતીને સદ્ગુરૂનાં દર્શન વગર મહા કષ્ટ થવા લાગ્યું. તેને કાંઇપણ સુજતું ન હતું. કાંઇ રૂચતું પણ નહતું. આમ થતાં તે ઘણી ઉદાસીન થઇ ગઇ. નાનાપ્રકારનાં વસ્ત્રાભૂષણો તેને રૂચતાં નહતાં જીહ્વાથી મિષ્ટાનનો ત્યાગ કર્યો. કોયલના મધુર સ્વર પણ તેને રૂચતા ન હતા. સુખશયન ઉપર નિદ્રા આવતી નહતી. આ પ્રમાણે થતાં એક દિવસ રાજમાતાએ દાસીને કહ્યું કે—નગરમાં જઇ સદ્ગુરૂનો શોધ કરી આવ. લોભીનું ધન જતાં જેમ તેને ચેન પડતું નથી અને તેને માટે શોધ ખોળ કરે છે તેમ રાજમાતા પણ સદ્ગુરૂ નિમિત્ત કરતી હતી. સદ્ગુરૂ

દ્વારા અનુપમ વેદાન્તનું શ્રવણ થવાથી તેના અંત-રમાં નવ પ્રકારનો ભક્તિરસ ઉછાળા મારી રહેલો હતો. ઉત્તમ પકવાન્ન મળવાથી જેમ ક્ષુધાતુર સંતોષ પામે, માનસરોવર ઉપર જેમ ક્રિડાને માટે રાજહંસ જાય છે, તથા મહાવિશાળ આકાશમાં વિહંગ-પ-ક્ષીઓ જેમ ઉડે છે. ઉત્તમની સેવકને અર્થે યોગીરાજ જેમ ઉર્ધ્વ માર્ગે ચાલે છે. તે પ્રમાણે શ્રીહરિના ગુ-ણાનુવાદ શ્રવણ કરતાં કરતાં શ્રોતૃ સમાજ વાસ્તવિક સુખનો અનુભવ કરે છે. જેમ અગાધ જળમાં મ-ત્સ્ય ક્રિડાને માટે જાય છે, તે પ્રમાણે શ્રોતા લોકો શ્રવણાર્થે બેસે છે. તેને અવલોકન કરીને ગુરૂભજનના માર્ગનો અનુભવ કરાવવા સદુપદેશ આપે છે. આ પ્રમાણે રાજમાતા મૈનાવતી, મહાયોગી જાળંધરદ્વારા ઉત્તમ વેદાન્તના તત્વને જાણતી હતી, તેથી તે ગુરૂના વિરહ દુઃખનો અનુભવ કરતી હતી.

જાલંધરનો મુખ્ય શિષ્ય કાનીફ પોતાના સદ્‌ગુરૂના દર્શન માટે પોતાના સાતસો શિષ્ય સહિત છપન્ન દેશ શોધવા ચાલ્યો. જો કે રાજમાતા પોતાના પુત્રના

આ કૃત્યથી છેક અંજાણુ હતી, તે તો પોતાની સેવામાં કાંઇ ન્યૂનતા રહી હશે તેથી ગુરૂ મારી ઉપેક્ષા કરીને જતા રહ્યા હશે એમ જાણુતી હતી; પરન્તુ પોતાના પુત્રના સંબંધમાં તેને જરા પણ સંશય આવ્યોજ નહિ. મૈનાવતી નિત્ય ગુરૂનાં દર્શન કરી તેના ચરણુનું તીર્થોદક કરી ભોજન કરતી હતી. તીર્થોદક જે રોજથી નમળ્યું તે દિવસથી રાજમાતા અનાજ ખાવાનો ત્યાગ કરી માત્ર દુધ પીને પ્રાણુનું સંરક્ષણુ કરવા લાગી. આ પ્રમાણે ઘણા દિવસ જતાં એક દિવસ એક અદ્દ્ભુત બનાવ બન્યો. એક દિવસ મહારાજા ગોપીચંદે રાજ્ય ભુવનમાં આવી મંગળ સ્નાનની ઇચ્છા કરી. મલયાગરના શુદ્ધ ચંદનના હીરા જડિત બાજોઠ ઉપર રાજા બેઠો. તે સમય ચતુર ગાંયજાઓ કેશર, કસ્તુર અને અર્ગજા મિશ્રિત સુગંધી તેલનું શરીરે મર્દન કરવા લાગ્યા. તે સમય જેમ ચન્દ્રની આસપાસ રહેનારાં નક્ષત્રો જેમ શોભે છે, તથા જેમ હજાર કિરણોથી ભગવાન્ સૂર્યનારાયણ શોભે છે. તે પ્રમાણે રાજ્યસ્ત્રીઓ વસ્ત્રાલંકાર મંડિત

થઇ ભ્રૂકુટિ રૂપિ ધનુષ્ સજ્જ કરી નયન શર-બાણુ ફેંકતી રાજાના મન રૂપી મૃગને વિંધતી હતી તે સમય રાજા ગોપીચંદ પોતાને સર્વે પ્રકારે ધન્ય માનતો હતો.

ત્રિભૂવનમાં ધન્યતા દર્શક પદાર્થોમાં યુવતી રત્ન સમાન સદ્રત્ન બીજું નથી. કામી પુરૂષોને તે વગર અન્ય કશું પ્રિય લાગે નહિ એ વાર્તા નિર્વિવાદ છે. મહારાજા ગોપીચંદનો અપ્રતિમ અનુપમ રત્ન જડિત મહેલ પ્રકાશી રહેતો હતો. તેના ચોકમાં રાજાને સ્નાન માટે શરીરે મર્દન થઇ રહ્યા પછી રાણીઓ આવી તે રાજાને ચોળીને નવરાવતી હતી. કેટલીક ગુલાબ જળની ઝારીથી મંદમંદ ધારે પાણી સિંચતી હતી અને કેટલીક મંગળ ગીતો ગાતી હતી. તે સમય રાજમાતા મૈનાવતી મેહેલનાં ઝરૂખામાં બેઠી હતી. તેની નજર પોતાના પુત્ર ઉપર જતાં તેને વિચાર થયો કે—આહાહા!! આ જગતની રચના કેવી અસત્ય છે? કામદેવ પણ જે થકી મોહપામે એવો આ મનુષ્ય દેહ કે જેની આરેકાર

નવયૌવન સુંદર સ્ત્રીઓ મોહિત થઇને વેલની સદશ વિંટાઇ રહી છે. અરેરે! તેજ ઉત્તમ કાયાથી જ્યારે આત્મા ચાલ્યો જશે ત્યારે તેજ નિર્જીવદેહ જોનારને કેવો ભયંકર લાગશે. અરે! ઇશ્વરે! આ ઉત્તમ દેહને અમર કેમ ન કરયો? અરે! આ મારા પુત્રના કરતાં તેના પિતાનું શરીર સુંદરતામાં કાંઇ ઉતરે એમ હતું? તેના પિતાની પણ અવર્ણનીય કાન્તિ હતી ગુણ, રૂપ, શૌર્ય અને કીર્ત્તિનું તો તે સ્થાનજ હતા. તો પણ કાળે જ્યારે આવીને પોતાની જાળ પાથરી, ત્યારે તેના સુન્દર દેહની જરા રાખ પણ હાથ ન આવી. આ પ્રમાણે વિચાર કરતી રાજમાતા ઝરૂખામાં બેસી પોતાના પુત્રના વૈભવને જોતી હતી. તેની અદ્ભુત પુણ્યાઇ સમજવી જોઇએ કે, જેના જઠરમાં ગોપીચંદ રૂપી મહા મૂલ્યવાન મુક્તા ફળ ઉત્પન્ન થયું. ગોપીચંદને અતિસુંદર, મોહક, મદન રૂપ અવલોકન કરી મૈનાવતી ગદ્ગદ કંઠે થઇ ગઇ, તેથી તેના નેત્રમાંથી દુ:ખાશ્રુ પ્રવાહ ઉત્પન્ન થતાં ગોપીચંદના શરીર ઉપર અશ્રુનું બિન્દુ પડતાં

રાજા મહાવિસ્મય પામ્યો. અને વિચાર કરવા લાગ્યો કે—આકાશમાં મેઘ ગર્જના—આદિ પ્રકાર કાંઇ નથી, છતાં આ જળ બિન્દુ ક્યાંથી આવ્યું. તેની સમજણ પડતી નથી. આ પ્રમાણે રાજાએ આશ્ચર્ય યુક્ત થઇ ઊંચે નજર કરીતો જોવામાં આવ્યું કે—પોતાની માતા મૈનાવતી અત્યંત દુઃખથી આકુળ વ્યાકુળ થઇને રૂદન કરે છે. માતાને રૂદન કરતી નિરખીને તુરત મંગળ સ્નાન કરીને રાજા પોતાની માતા પાસે જઇને નમ્રતા પૂર્વક બોલ્યો કે—હે માતા! તું શું વિચાર કરે છે! શામાટે શોક કરે છે? તારા નેત્ર કેમ અશ્રુથી પૂર્ણ થઇ ગયાં છે? તું મારી માતા છતાં તને કોણે દુઃખ આપ્યું તે તું મને સત્વર કહી દે. તો હું તેને સત્વર શિક્ષા કરૂં. મારી કઇ સ્ત્રીએ તારો અનાદર કરેલો છે. વા કયા પ્રધાન—આદિએ તારી અવજ્ઞા કરી છે. અથવા વિવેક દૃષ્ટિથી દુઃખનું યોગ્ય કારણ શું દેખાય છે તે મને તું તુરત કહે. જે પ્રકારે તને સુખ થાય તે પ્રયત્ન મને સાધ્ય હોય એવું તું સત્વર માગ.

આ પ્રમાણે પોતાના પુત્ર ગોપીચંદનું બોલવું થતાં રાજમાતા મેનાવતીએ કહ્યું કે–હે વત્સ! ગોપીચંદ! મને કોઇએ કાંઈ પણ કહ્યું નથી. તેમ મારી અવજ્ઞા પણ કોઈએ કરી નથી; મને દુઃખ થવાનું કારણ બીજું કાંઇ નથી, પણ માત્ર તુંજ છે. એમાં જરા સંશય નથી. તારો અપૂર્વ સુંદર, મોહક, મદન કામદેવ સમાન રાજદેહ છે તે નિરખીને મને ઘણુંજ દુઃખ થાય છે તું બત્રીશ લક્ષણવાળો, અનેક વિદ્યા એટલે કે ચૌદ વિદ્યાને જાણનારો તથા ચોસઠ કળામાં નિપુણ, શોર્ય, ઔદાર્ય–આદિ અનેક ગુણ તારામાં બિરાજમાન્ છે તેને આયુષ્ય પૂર્ણ થતાં કાળ ગ્રાસ કરી જશે. તેનો મને મહાભય ઉત્પન્ન થયો છે. તું અત્યંત સુકુમાર રાજકુમાર છે. તારૂં આવું માહા કિમતી અત્યંત સુંદર રાજદેહ અગ્નિમાં નાખતાંની સાથેજ દહન થઈ જશે. લાકડાંનો નાશ જેમ વહ્નિ–અગ્નિ કરે છે. તેમ હાડકાંનો નાશ અગ્નિ કરી નાખશે. સુગંધ ચર્ચિત કેશ પણ બળી જશે. તેનો મને મહા શોક થાય છે. તારા પિતા ત્રિલોક-

ચંદરાજા હતા. તે પણ મદન સમાન સુંદર, મહા ગંભીર સદ્‌ગુણુના તો ભંડાર અને સર્વે વાતે કુશલ હતા. તે પણ કાળ આવતાં સર્વે રાજ વૈભવનો તારો તથા મારો પરિત્યાગ કરીને કાળના કોળીઆ થઇ ગયા, અને તેનો દેહબળીને ખાખ થઇ ગયો. અને તે સ્વર્ગવાસી થયા. રાજ્ય, સંપત્તિ, પુત્ર, ધન, અને સર્વે વૈભવ નાશવંતછે એ સર્વ જનાર છે. એમાં જરાપણ શંશય નથી. આંબાની છાયાની શિતળતા જેમ ક્ષણુમાં નાશ પામે છે કિંવા ઈન્દ્રધનુષ્ આકાશમાં દેખાય છે; પરંતુ ક્ષણુમાં તે પાછું અદૃશ્ય થઇ જાય છે. મૃગજળ નિરખીને જેમ હરણ દોડે છે, તે પ્રમાણે વિષયાંધ મનુષ્ય વ્યર્થ પ્રપંચનોભાર વહન કરે છે. તેમ તું પણ વિષયાનંદને સત્યમાની તેમાં સુખ માને છે. પણ બ્રહ્માનંદની યોગ્યતા તને ત્રણુકાળે પણ પ્રાપ્ત થનાર નથી. આ સંસાર કેવો છે તે તું મન લગાડીને શ્રવણ કર, આ સંસારમાં શૂખ માનનારા છે તે મનુષ્ય અતિમંદ બુદ્ધિ અને હતભાગ્ય સમજવા; કારણ કે ગાયના આકિમા છતડી હોય છે.

તેને દુધની પ્રાપ્તી થતી નથી તથા કમલ કોશમાં મધુર મકરંદને મધુની પ્રાપ્તી થતી નથી. તથા કાદવમાં દેડકો વ્યર્થ સુખ માને છે. તેનું કારણ પ્રથમ એ સમજવાનું છે કે એકતો દૈવહીન અને બીજું એ કે શોધકતા નથી. કસ્તુરીઆ મૃગની નાભીમાંથી કસ્તુરીની સુગંધ તેજ મૃગને આવતાં તે મૃગ સુગંધ માટે વ્યર્થ ભ્રમણ કરયા કરે છે તેમ મનુષ્ય જન્મ ધારણ કરીને જે નારાયણને જાણતો નથી, તેના સમાન આત્મહત્યા કરનારા બીજા કોઈ નથી. હૃદયમાં રહેલા પરમાત્માને જાણવા એટલે કે તીર્થ વ્રત–આદિક જપતપ કાંઇ પણ સાધન કરતા નથી. આજ પર્યન્ત જે જે રાજર્ષિ થઇ ગએલ છે, તે રાજ્ય કરીને વિદેહ કૈવલ્ય પામ્યા છે.

સાંસારિક સુખ ઉપરથી ઘણા ચમત્કારિક લાગેછે. પણ તેનો શોધ કરતાં અર્થાત્ તેમાં ઉંડા ઉતરીને વિચાર કરતાં તેમાં કાંઈ પણ તત્વ જાવામાં આવતું નથી, સર્પની ફણાને છાયે જો દેડકું બેસે તો તેને સુખ કયાંથી મળે? તથા સોમલ ખાઇ જનાર માણુસ શી રીતે

જીવતો રહે ? આ પ્રમાણે સંસાર ઉપાધિ રૂપ છે માટે હે પુત્ર ! આ દુસ્તર સંસાર સાગરથી પાર થવા માટે એટલે કે જન્મ–મરણનાં મહા દુઃખથી મુક્ત થવા માટે, સદ્‌ગુરૂના ચરણનો પૂર્ણ આશ્રય કરવાની અત્યાવશ્યકતા છે; અર્થાત્ સદ્‌ગુરૂ વગર સંસાર સાગરથી પાર કરનાર કોઇ નથી. સદ્‌ગુરૂના ચરણનો આશ્રય કરવાથી ત્રિભૂવનના રાજ્યનું અધિપતિપણું અનાયાસે પ્રાપ્ત થાય છે. માટે હે પુત્ર ! માયા મમતાનો ત્યાગ કરીને સાવધ થઇ સદ્‌ગરૂને શરણે અનન્ય ભાવથી જા અને તું તારી કાયા અમર કર. એટલે જન્મ સફળ થશે. ફળ વગરનું વૃક્ષ અને જળ વગરનું સરોવર જેમ શોભા આપતું નથી તેમ સદ્‌ગુરૂ કર્યા વગરનો સંસાર શોભા આપતો નથી; અર્થાત્ સદ્‌ગુરૂ વગર સંસાર વ્યર્થ છે. મેઘ વગર પર્જન્ય કાળ, દેવ વગર ચાતુર્ય અને પરાક્રમ વગર રાજા સિંહાસના રૂઢ શોભતો નથી તેમ મનુષ્ય પણ સદ્‌ગુરૂના શરણ વગર શોભતો નથી. માટે મનુષ્ય દેહ પામીને, સદ્‌ગુરૂને શરણ જવું એજ પોતાના હિતનો ઉત્તમ સન્માર્ગ

છે. સદ્‌ગુરૂને શરણ ગયા વગર જન્મ-મરણ મટનાર-જ નથી ચોરાશી લક્ષ યોનિમાં ભ્રમણ કરવાનું મહા-દુઃખ છે. એકેક યોનિમાં કેટલીકવાર જન્મ લેવો પ. ડે છે, એનો કાંઈ નિયમ નથી, અપ્રતિમ ચિત્ર વિ-ચિત્ર,સુરંગીત આ સુવર્ણનાં મન્દિર આપણાં નથી એમ તું સમજ આ પૃથ્વિવી ઉપર અસંખ્યાત રા-જા નિર્માણ થઇ, રાજ્ય કરી પરલોકવાસી થયા. તેની ધર્મ કીર્ત્તિજ માત્ર સુસ્થિર રહેલ છે, તે સિ-વાય કાંઇ પણ નથી. સ્ત્રી, પુત્રાદિકનો વ્યવહાર, ઇ-ષ્ટમિત્ર, આમ સમુદાય અને ગજાશ્વ-આદિ રાજ્ય શોભા અશાશ્વત છે, અર્થાત્ નાશવંત છે. એમ મનમાં તું નિશ્ચય પૂર્વક સમજ. માટે પોતાના કલ્યા ણાર્થ સાધન કરવાને માટે કોઇની પણ લાજ ન ધરતાં પોતાના પદને સત્વર પ્રાપ્તકર.

આ પ્રમાણે પોતાની માતા મૈનાવતીના મહા અમૂલ્ય ઉપદેશને શ્રવણ કરી, મહારાજા ગોપીચંદે પોતાની માતાને સવિનય કહ્યું કે-એવા સદ્‌ગુરૂ મને ક્યાંથી મળે ? કે તેના સત્સંગથી મારી કાયા અમર

થાય. તે બાબતની મને જરાપણ કળ પડતી નથી. રાજમાતા મૈનાવતીએ કહ્યું કે-હે વત્સ ! યોગીશ્વર જાલંધર નામના એક યોગી હતા. તેની પાસે તારે તારી કાયા અમર કરાવવી હતી. જાળંધરની યોગ્યતાનું વર્ણન કરનારા થોડાજ છે. એટલે કે તેની યોગ્યતાનું વર્ણન થઇ શકે તેમ નથી. અખંડ ઉમન્ની ભાવથી સદ્ગુરૂને શરણ જવાય તો સદ્ગુરૂદ્વારા જ્ઞાન પ્રાપ્તિ થતાં વિદેહ થવાય છે. વિદેહ થનારની દેહની છાયા દૃષ્ટિએ પડતીજ નથી. મહાયોગેશ્વર જાળંધરને અદૃશ્ય થયાને આજ બારવર્ષ થયાં; પરંતુ તેનો કયાંય પણ પત્તો લાગતો નથી. હે વત્સ ! તુંજ દૈવ હીન દેખાય છે; કારણ કે સદ્ગુરૂ અદૃશ્ય થઇ ગયા. માટે તું દૈવહીન છો એમાં જરાપણ સંશય નથી. આટલું બોલતાંની સાથે રાજમાતા મૈનાવતીનાં નેત્રોમાંથી અશ્રુનો પ્રવાહ ચાલ્યો. પણ મૈનાવતી ધિરજ રાખી પુનઃ બોલી કે-હે વત્સ ગોપીચંદ! પાલખી પ્રધાન અને સેવક-આદિને મોકલીને તેં તેને બોલાવ્યા હતા. તે દિવસ પછીથી સદ્ગુરૂનાં દર્શન મને

પાપણીને અતિ દુર્લભ થઇ પડયાં છે. તેનું હવે શું કરવું ! મારાં પ્રારબ્ધજ વિલક્ષણ દેખાય છે.

આ પ્રમાણે પોતાની માતા મૈનાવતીનું ભાષણ શ્રવણ કરી મહારાજા ગોપીચંદ મૌનવ્રત ધારણ કરી સ્વસ્થ થઇને બેઠો. પ્રજા અન્યાયી જે રાજની હોય તે રાજનોરાજા ધૈર્યથી બેસી શકે નહિ. એકાદ નાડીજ્ઞાન જાણનારો કુશળ વૈદ્ય રોગીનો હાથ પકડી નાડી પરિક્ષા કરી કુપથ્ય ન કરવાને માટે જેમ રોગીને સમજાવે, અને તેના ઉત્તરમાં પથ્યનો દ્રોહ કરનાર રોગી કાંઇપણ બોલે નહિ તે પ્રમાણે રાજા ગોપીચંદ પણ, પોતાની માતાનાં વચન શ્રવણ કરી કાંઇ પણ બોલી શકયો નહિ અને સ્વસ્થ બેસી રહ્યો. રાજા ગોપીચંદના મનમાં સંકોચ ઉત્પન્ન થતાં ત્યાંથી ઉઠી સ્નાન કરીને પોતાના મંદિરમાં ગયો.

મહારાજા ગોપીચંદ રાજમાતા મૈનાવતીની આ સર્વે વાર્ત્તા શ્રવણ કરી. પોતાના કર્ત્તવ્યનો મનમાં વિચાર કરી મનમાં પશ્ચાત્તાપ પામતો ખેદ કરીને વિલાપ કરવા લાગ્યો. રાજા ખેદ કરવા લાગ્યો કે—મ•

ને કૃપા કરવાને સદ્‌ગુરૂ પ્રત્યક્ષ પ્રાપ્ત થયા હતા, છ- તાં મેં કુબુદ્ધિએ જાલંધર જેવા સદ્‌ગુરૂને કુવામાં નાંખીને તેના ઉપર ઘોડાની લાદ નખાવી. અહાહા!! મહા ભયંકર નરકને આપનાર અન્યાય મેં કર્યો. હવે મને કાંઈ પણ ચેન પડતું નથી. હું શું કરૂં? ક્યાં જાઊ? અરે! મને સ્વસ્વરૂપ ઓળખાવાનો સમય સમીપમાં આવ્યો હતો, તે સમય મારા મંદ ભાગ્યથી વિઘ્ન પ્રાપ્ત થયું. આ મારૂં દુઃખ કોઇ પાસે મારાથી કહેવાય તેવું નથી. મારૂં કૃત્ય ખરેખર ત્રાસદાયક છે એમાં જરાપણ સંશય નથી. અયોધ્યાપતિ સુર્યકુળભૂ- પણ સાર્વભૌમ મહારાજા દશરથને વૃદ્ધાવસ્થામાં ચા- ર પુત્ર થયા. તેમાં જયેષ્ઠ પુત્ર પુર્ણ પુરૂષોત્તમ શ્રી રામચન્દ્રજીને રાજ્યાભિષેક કરવાનો દ્દઢ નિશ્ચય ક- ર્યો અને તેનો સમારંભ ચાલવા લાગ્યો. તે સમય દશકંધર-રાવણના કેદખાનામાં રહેલા સુર-દેવતાઓની પ્રેરણાથી કુમતિ મંથરા નામની દાસીના યોગથી કૈ- કેયીને સહાય થઇને સાક્ષાત્‌ મહાવિષ્ણુ મદન મ- નોહર શ્રી રામચન્દ્રજીને વનવાસમાં મોકલ્યા. તે પ્ર-

માણે મારી પાટરાણીની બુદ્ધિથી પૂર્વકર્મની પ્રેરણાથી મને દુષ્ટ બુદ્ધિ પ્રાપ્ત થતાં મારાથી આ અનર્થ કારક આ છલ થયું; અર્થાત્ મહાયોગી જાલંધરના સંબંધમાં મેં આવું નિંદ્ય કર્મ કર્યું. માટે હવે મારા ઉપર ઇશ્વરનો કોપ થયો છે. એ વાર્ત્તા નિર્વિવાદ છે. જેની પ્રેમ પૂર્વક પૂજા કરવી જોઇએ. તેના ઉપર ઘોડાની લાદ નખાવી. જેને નાના પ્રકારના ઉપચારોથી સંતુષ્ટ કરવા જોઇએ, તેને ઉપોષિત રાખ્યા. હવે તેનું શી રીતે કરવું? તેની મને ઘણી ચિંતા થાય છે. આ રાજ વિલાસ, ભોગ, આ રમ્યઇન્દ્રભુવન સદૃશ મન્દિર અને આ સ્ત્રી રત્ન સમૂહ મને દુઃખ દાયક જણાય છે. અનેક જન્મથી નિષ્કામ દેવ સેવા જે મેં કરેલી હોય તે દેવ સેવાના યોગથી પરમેશ્વર સન્તુષ્ટ થઇને સદ્દગુરૂ રૂપથી દર્શન દઇને અતિ દુસ્તર મહાભયંકર જન્મ-મરણ રૂપી સમુદ્રથી તારે તે સદ્દગુરૂની હવે ભેટ થનાર નથી. સદ્દગુરૂ તેજ ખરા કે—જે મુખથી બોલવા પ્રમાણે આચરણ કરે છે. બાકી બીજા એવા તો પરોપદેશ કરવામાં પાંડીત્ય દર્શાવવામાં

નિપુણ એવા તો અનેક વકતા હોય છે. પણ તેવાઓ સદ્‌ગુરૂ કહેવાતા નથી. આ પ્રમાણે ગોપીચંદરાજા પશ્ચાત્તાપ કરી, તીર્થ સ્નાન કરી, નિર્મળ મનથી, સદ્‌ગુરૂના દર્શનની અપેક્ષા કરી રહેલો હતો.

રાજમાતા મૈનાવતી પોતાના મનમાં અનેકાનેક તર્ક વિતર્ક કરયા કરતી હતી. તે કહેવા લાગી કે હવે સદ્‌ગુરૂ કયા પ્રકારે દર્શન આપે તેની ગમ પડતી નથી. સુખના સર્વ ઉપચાર દુઃખકારક ભાસે છે, બેસવું, સુવું, હાલવું, ચાલવું, ધ્યાન, ખાવું, પીવું, અને બીજાં પણ નાના પ્રકારનાં સુખો સદ્‌ગુરૂ વગર દુઃખદાયક છે. સુખદાયક વસ્તુ સદ્‌ગુરૂ વગર બીજી એક પણ નથી. સદ્‌ગુરૂનાથની યોગ્યતાનું વર્ણન કોઇથી પણ થઇ શકે તેમ નથી. અહર્નિશ તેનો અધ્યાસ લાગેલો છે. મારો ગુરૂભાઇ કાનીપ તો સાતસો શિષ્યસહ સદ્‌ગુરૂના શોધ માટેજ ફરયા કરે છે; પરન્તુ તેને પણ કયાંય આજ સુધી શોધ લાગ્યો નથી એમ જણાય છે, જય સદ્‌ગુરૂનાથ! તમારો અગાધ મહિમા હજાર મુખવાળા શેષથી પણ

અવર્ણનીય છે. તો અતિમંદમતિ દૈવહીન હું એક મુખથી શું વર્ણન કરી શકું ? હે સદ્દગુરૂનાથ ! મારા અનંત અપરાધ છે તેની ક્ષમા કરી ત્વરાથી પ્રકટ થઇ દર્શન આપી સર્વને આનંદનો દીવસ દેખાડો. અને તેથી હું મને પોતાને ધન્ય માનીશ. તમારા દર્શન કરી તમારા દાસ ગોપીચંદને તમારે પગે નાંખીને તેની કાયા અમર કરાવવી છે. આવી મારી ઇચ્છા સફળ કરનારા એક તમેજ સમર્થ સદ્દગુરૂ દયાઘના છો, બીજાઓને તો મહાઅશકય છે, માતાના વિયોગથી જેમ બાળકની દશા થાય છે, તથા ગાયના વિયોગથી જેમ વાછડું હંભાં હંભાં શબ્દ આતુર થઇને કરયા કરે છે, અથવા પતિના દર્શનની લાલસાથી મહાસતી પોતાના પતિના દર્શનના માટે ઉત્સુક થઇને વાટ જુવે છે, તે પ્રમાણે હું પણ અતિદીન થઈ તમારાં દર્શન માટે ઉત્સુક થઈ રહેલીછું માટે કૃપા કરીને દર્શન આપો. કુંજવનમાં અનેક ગોપીઓ સહ શ્રી કૃષ્ણચન્દ્ર આનન્દકંદ નાના પ્રકારે ક્રીડા કરતાં અકસ્માત્ ગુપ્ત થયા હતા અને તે સમય ગો-

પીઓની જે દશા થઇ હતી તેવી અવસ્થા આપના અકસ્માત ગુપ્ત થવાથી મારી થઇ છે. આ પ્રમાણે રાજમાતા મૈનાવતી સંતાપ કરી રહી હતી.

આ તરફ જાલંધરનાથનો મુખ્ય શિષ્ય કાનિફ પોતાના સાતસો શિષ્યો સહ સર્વાંગે વિભૂતિનું લેપન કરી, ઉદાસીનવૃત્તિથી સર્વ ઠેકાણે ફરતો હતો. કાનમાં મુદ્રા, કુબડી, કંથા, સિંગી, પુંગી– આદિ ગ્રહણ કરીને ગુરૂના સાંપ્રદાયાનુસાર અલેખ જગાવતો ફરતો હતો, પણ તેને કયાંય ગુરૂનો શોધ લાગ્યો નહિ. તેનું વર્ત્તન અલૌકિક હતું. નદી, નદ, સમુદ્ર, ઝરણ, ડુંગર, પર્વત, ખાડી, શેહેર અને વન, ઉપવન- આદિ અનેક સ્થાનોમાં ફરતો હતો. આકાશ જેમ અલિપ્ત છે, તેમ કાનિફ પણ સર્વત્ર ફરતો હતો, પણ કોઇના જાણવામાં આવતો ન હતો, જ્ઞાની પ્રપંચ વ્યવહાર લોક રીત્યાનુસાર કરે તો તે યોગીને બંધન કારક નથી. પણ અન્ય લોકો જે પ્રપંચાસક્ત હોય છે તે તો સ્મૃતિનો વિધ્વંશ થતાં સહજમાં જાળમાં સપડાય છે. તેનું કારણ માત્ર એજ કે તેઓને

વિવેકદષ્ટિ હોતી નથી. તેથી તેને તેવું દેખાયછે. ગ્નાની જનોને આત્માભિમાન થતાં તે જીવનમુક્ત થાય છે. અને ત્યારપછી જનસમૂહનું દેહાભિમાન થતાં તો અતિ દુસ્તર જન્મ-મરણના પ્રવાહમાં પડે છે. ગુરૂના દર્શનની લાલસાવાળો ચન્દ્ર સમાન આનંદદાયક મહાસિદ્ધ કાનિફ ગુરૂ દર્શન નિમિત્તથી ફરતો હતો. એમાં જરા પણ સંશય નથી. પચાસ કોસ ભૂમિ ફરતીમાં શોધ કરતો કાનિફ પુણ્યક્ષેત્ર, એકાંત સ્થાન, મહાપર્વત, તપોવન તથા ગુપ્ત અને પ્રકટ ગુફા, સમુદ્ર મધ્યેના બેટો, સાતપુરી, બારજ્યોતિલિંગે, દ્વારકા, ફિરંગીઓનો દેશ, મારવાડ, ગુજરાત, હિંદુસ્તાન, બાગલાણ, ખાનદેશ, દક્ષિણ. અને વિદર્ભ-આદિ છપન્નદેશમાં ઉત્તમ પ્રકારથી ગુરૂનો શોધ કરતો કરતો સાતસો શિષ્યની સાથે ભરતદેશમાં કાનિફ આવ્યો. કાનિફની ગુરૂભક્તિને ધન્ય છે.! તેની ગુરૂ ભક્તિ અવર્ણનીય છે એમાં સંશય નથી. બાર વર્ષ સુધી નાના પ્રકારનાં સ્થાનોમાં અનેક પ્રકારે શોધ કર્યો: પરંતુ સદ્ગુરૂનો ક્યાંય પણ પત્તો

લાગ્યો નહિ. તેથી કાનિફ મહાચિંતા યુક્ત થયો અને તેને ક્યાંય પણ સુખ મળતું નહતું

એમ કરતાં કરતાં એક દિવસ સાક્ષાત્ મહાવિષ્ણુના અવતારભૂત, માયાતીત, માનવ શરીર ધારણ કરી જગત્નાં ઉદ્ધાર માટે અનેક સ્થાનોમાં ગમનાગમન કરનારા એવા મહાસિદ્ધ ગોરક્ષનાથનો સમાગમ થતાં કાનિફને અત્યાનંદ થયો. પરસ્પર આદેશ કહી વંદન કરયા પછી, કુશળ પરસ્પર પુછી જેમ ચન્દ્ર અને સૂર્ય પરસ્પર પ્રેમ સહિત ભેટે તેમ તે બન્ને ગુરૂભક્ત ભેટયા. બાર વર્ષે સિંહ સંક્રાંતી પ્રાપ્ત થતાં ગંગા ભાગીરથી આવીને જેમ મળે છે, તેમ તે બન્ને આનંદ પૂર્વક ભેટીને પ્રેમ સુખ પામ્યા. તે સમય ગોરક્ષનાથે હાસ્ય મુખથી વિનોદમાં ભાષણ કરયું કે–તમે ગુરૂ ભક્ત છો; છતાં સદ્‌ગુરૂને તમે કેમ વિસાર્યા છે? ગોપીચંદ રાજાએ મદથકી ઉન્મત્ત થઇને તમારા ગુરૂ જાલંધરનાથને કુવામાં નાખી તેના ઉપર ઘોડાની લાદ નાખી છે. આવું અનુચિત કર્મ કરેલું છે.

તમારા સદ્‌ગુરૂની આવી દશા થઇ છે અને તમારી કૃતિ દાંભિક સમાન દેખાય છે. હિંદુઓના દેવને યવન ઉપદ્રવ કરે અને પુજારી બેઠો બેઠો જોયા કરે તો તેને કેવો કહેવો ? પોતાનો પતિ અત્યંત ક્લેશ પામે અને સ્ત્રી વસ્ત્ર તથા અલંકારથી શણગાર કરીને બેસે તો તેને પતિવ્રતા કોણ કહે ? રાહુ ચન્દ્રને ગ્રસે છે તે સમય ચકોર આનંદ યુક્ત થઇને ક્રીડા કરવા લાગે તો, તે યોગ્ય કહેવાય કે ? કોઈ અન્ય દેશનો રાજા આવી આ દેશના રાજાને દબાવી લે અને તે પર રાજ્યના રાજા સાથે મળી કરાર કરીને પ્રધાન સુખ પૂર્વક રાજ્ય કરે, તો તેની તે સ્વામિભક્તિ શી રીતે કહેવાય ? મહર્ષિ અગસ્ત્યે સાગરનું પાન કર્યું અને તેથી મેઘ આનંદ પામીને ગર્જના કરે તો તે ઉચિત ગણાય કે ? તે પ્રમાણે તમે તમારા ગુરૂ જાલંધર કુવામાં પડેલા છે અને શિષ્યો સહ તીર્થ યાત્રા કરો છો તે તમને જરા શોભે છે ? તે બાબતનો તમે વિચાર કરો.

આવા પ્રકારની ગોરક્ષનાથની વાણી શ્રવણ કરી

કાનિફને ગુરૂનો શોધ કરતાં કરતાં બારવર્ષ થઇ ગયાં તેનો શોધ આજ મળ્યો. તેથી ઘણો સંતોષ થયો. ત્યારપછી કાનિફે પણ વિનોદ પૂર્વક ગોરક્ષનાથને કહ્યું કે-તમારો ગુરૂ મચ્છીંદ્રનાથ સ્ત્રીયા રાજ્યમાં જઇને બેઠેલ છે. અને ત્યાં સ્ત્રી લંપટ થઇને પુત્ર તથા કલત્ર તેણે કરેલ છે. આ પ્રમાણે તમને દૂષણ છતાં તમે મને વ્યર્થ દૂષણ આપો છો ! એ કેવું કહેવાય ? દિપકનો અધોભાગી અન્ધકાર હોય છે અને બીજે સર્વ સ્થળે પ્રકાશ દેખાય છે. બ્રાહ્મણ પોતે સ્નાન કરે નહિ અને બીજાને પ્રયોગ કહેવામાં સાવધાન રહે, વા ચન્દ્રમાં કલંક છે તે સૂર્યને દોષ આપે, સમુદ્રના અંગમાં ક્ષારત્વ છે તે ગંગાજીના વિમળજળને મોળું છે એમ કહે તેમ તમે મારૂં વ્યર્થ ઉપહાસ્ય કરો છો. મનુષ્યોનો સ્વભાવજ વિચિત્ર હોય છે.

મારા ગુરૂ જાલંધર તો નિરંતર અમરજ છે. તેને દુષ્ટ પામર ગોપીચંદ શું કરનાર છે ? મારા સદ્-ગુરૂનાથ દેહાતીત છે. અલિપ્ત છે. હવે હું પ્રયત્ન કરી

તેને અમારા સમુદાયમાં બોલાવું છે. અને તમેં તમારા ગુરૂ મચ્છીંદ્રનાથને સ્ત્રીયા રાજ્યમાંથી લાવો.

આવું કાનિફનું ભાષણ શ્રવણ કરી ગોરક્ષનાથે કહ્યું કે-મારા ગુરૂ સર્વાતીત, વિમળ અને બ્રહ્મરૂપજ છે. જેમ ઘટાકાશ તથા મહાકાશ એક આકાશમાંજ વ્યાપ્ત છે, તેને કાંઇ લિપ્ત થતું નથી. તેમ સદ્ગુરૂ મચ્છીંદ્રનાથ સ્ત્રીયા રાજ્યમાં ગયા છે છતાં ત્યાં વિષયાસક્ત થાય એ કદિપણ સંભવેજ નહિ. દીપકના પ્રકાશથી વિલાસી જન અનેક ઉપચારોથી ભોગ કરે-છે. અથવા જ્ઞાનવાળાં પુસ્તકો વાંચે છે, પણ દીપક છે તે તો અલિપ્ત છે, તે પ્રમાણે સદ્ગુરૂનાથ પણ અલિપ્ત છે. આ પ્રમાણે ગોરક્ષનાથ તથા કાનિફ વચ્ચે ભાષણ થયા પછી બન્ને પરસ્પર આદેશ કહી બે આનંદમાં નિમગ્ન થઈ ગયા. ત્યારપછી દક્ષિણ દિશાને માર્ગે ગોરક્ષનાથ ચાલ્યા અને ઉત્તર દિશાનો માર્ગ કાનિફે શિષ્યોસહ પકડયો. એમ ચાલતાં ચાલતાં ગૌડ બંગાળા નામે અતિ વિખ્યાત દેશમાં કાંચનપુર નામના નગરમાં ગોપીચંદ નામનો મહારાજામહા

પ્રતાપી રાજ્ય કરતો હતો. તેણે પોતાના નગર સમીપ મનોરમ પુષ્પવાટિકા કરી હતી તેમાં ગંગન ચુંબિત વૃક્ષ લાગેલાં હતાં તે વૃક્ષો ઉપર ફળ અને પુષ્પો શોભી રહેલાં હતાં અને વિશ્રાંતિ દાયક હતાં. જાઇ, જુઇ, પારિજાતક, ચંપો, શેવતી, બટમોગરો અને બકુલ–આદિ બિરાજમાન્ હતાં અને ત્યાં ભ્રમરાની પંક્તિઓ ગુંજારવ કરતી હતી તેની મહા શોભા થઇ રહી હતી. ઉષ્ણકાળ વૈશાખ માસ, પસંત સમયમાં આમ્ર વૃક્ષની ઘટામાંથી સૂર્યનો પ્રકાશ જરા જરા પડતો હતો, તે જાણે એક પ્રકારનો ઉત્તમ ગલીચો હોય નહિ એમ ભાસતો હતો, સ્થળે સ્થળે બેસનારાઓ માટે ચોક વિગેરે બેઠકો કરેલી હતી. અતિ મનોહર સંગેમરમરના, અષ્ટપેલ, ચતુષ્કોણી, ત્રિકોણી આકારના મહેલ શોભી રહેલા હતા. તે બાગમાં ફુવારા વિગેરેની શોભાથી વર્ષાઋતુનો ભાસ જણાતો હતો. હંસ મયૂર પરસ્પર બોલતા હતા તે શ્રવણ કરી લોકો આશ્ચર્ય પામતાં હતાં. આંબાના ઝાડ ઉપર પોપટો સીતારામ એમ સ્પષ્ટ બોલતાં હતાં. આવાં

રમ્ય મનોહર ઉપવનમાં કાનિપ પોતાના સાતસો શિષ્યો સહ આવીને ઉતરયો. કાનિપ ખરો ઝવેરી હતો તે જાલંધરરૂપી દિવ્ય રત્ન પારખવાને માટે આવ્યો હતો તેમાં સંશય નથી. તથા જાલંધરરૂપી ચન્દ્રનું ગોપીચંદરૂપી રાહુએ ગ્રહણ કરેલ હતું તે માટે સાતસો ચકોર તજો ઉપર થઇ રહેલાં હતાં. આ પ્રમાણે સદ્‌ગુરૂના શોધ માટે કાનિફ તે ઉપવનમાં આવ્યો. વનોવનમાં શોધ કરતો ફરતો ફરતો આ પ્રમાણે ભરતદેશમાં ગોરક્ષનાથનો સમાગમ મહાભાગ્યથી થયો. તેણે જ્ઞાનાંજન નેત્રમાં આજીને અનાયાસથી તેનું નિદાન દેખાડયું. આવો સત્સંગનો અગાધ મહિમા છે, તેનું કેટલું વર્ણન કરવું તેનું જેટલું વર્ણન કરીએ તેટલું થોડું છે.

કાંચનપુરીના ઉપવનમાં મહાસિદ્ધ કાનીપ પોતાના સાતસો શિષ્ય સહ રહીને સિંગી બજાવી નાદબ્રહ્મ કરી રહેલો હતો. તેણે પોતાની શિષ્ય મંડલીને બોલાવીને કહ્યું કે, તમે નગરમાં જાઓ. અને રાજમાતા મૈનાવતી કે જે મારી ગુરૂભગિની થાય છે તેને આદેશ

કરી તેને આ ઉપવનમાં બોલાવી લાવો. આ પ્રમાણે પોતાના ગુરૂ કાનિફની આજ્ઞા થતાં તે સાંપ્રદાયી મંડલીએ સત્વર મૈનાવતીના મંદિરમાં જઈને કહ્યું કે– તમારો ગુરૂ બન્ધુ કાનિફ પોતાના સાતસો શિષ્ય સહ ઉપવનમાં આવીને રહેલો છે. અને તેણે તમને આદેશ કહેલ છે. આ વચન શ્રવણ કરતાંની સાથે રાજમાતા મૈનાવતીને ત્રણ લોકમાં પણ ન સમાય એટલો આનંદ થયો, અને તે સમય સદ્દગુરૂ જાલંધરનાથનું સ્મરણ થતાં તેના નેત્રોમાંથી દુઃખાશ્રુનો પ્રવાહ ચાલવા લાગ્યો. બાર વર્ષ પર્યન્ત જાલંધરનાં દર્શન થયાં નહતાં તેથી હું એમજ જાણતી હતી કે, તેણે મારો ત્યાગ કરયો કે શું? પૃથિવી ઉપર શોધ કરતી હતી. ક્યાંય પણ શોધ લાગશે એ આશા ઉપર હું હતી. તો તમોને પણ હજુ તેનો પત્તો લાગ્યો નથી. માટે મારાં દુર્દૈવજ બલવત્તર છે. માટે તેનો દોષ કોને દઊં.

આ પ્રમાણે મૈનાવતીનું સપ્રેમ ભાષણ શ્રવણ કરીને એક શિષ્યે કહ્યું કે હું યથાર્થ કહુંછું કે આજથી સાતમે

દિવસે સદ્ગુરૂ જાલંધરનાથનાં તમને દર્શન થશે આ તમે નિશ્ચયપૂર્વક સત્ય સમજો. આ મારૂં કહેવું ત્રણે કાળમાં અન્યથા થનાર નથી.

આવું શિષ્યનું ભાષણ શ્રવણ કરી રાજમાતા મૈનાવતીના મનમાં આનંદ થયો. અને પોતાની સાડીના પાલવની ગાંઠવાળી શુભ શકુન માન્યાં અને સજ્જનવૃંદને સદ્ભાવથી નમન કર્યું. મહારાજા ગોપીચંદ પોતાના રાજમહેલમાં નિર્ભય થઇને સુતો હતો. ત્યાં મૈનાવતીએ જઇને કહ્યું કે—હે પુત્ર! આ સુખ નિદ્રા તને દુઃખ દર્શાવનારી છે. માટે તેનો ત્યાગ કરીને સાવધ થા. જેમ ઊંદર ઘરમાં સુંદર વસ્તુનો નાશ કરીને સુખ માને છે; પરંતુ અકસ્માત્ ટાંપી બેઠેલી બિલાડી તેના ઉપર તરાપમારી ભક્ષણ કરે છે તે પ્રમાણે કાળ ટાંપીને બેઠેલો છે તે આયુષ્યની રાહ જોયા કરે છે. આયુષ્યનો તત્કાળ નાશ કરી પરલોક પાઠવે છે. તેની સ્મૃતિનો ત્યાગ કરી નિદ્રા લે છે તેનું કારણ શું? પુત્ર, સ્ત્રી, ધન, સંપત્તિ—આદિ છે તે સર્વ બે દિવસનો તમાસો છે. તેનો વિશ્વાસ કરી જે નિર્ભય રહે છે તે

ફસાય છે. તારી સાથે પાપ કે પુણ્ય વગર કાંઈ આવનાર નથી. તેનો પૂર્ણ વિચાર કરી સાવધથા. જ્યાંસુધી પોતાના પુણ્યનો સંગ્રહ છે ત્યાં સુધી સંસારની શ્લાઘ્યતા સમજાયછે. જેની પાસે દ્રવ્ય છે તે સર્વ લોક પ્રિય થાય છે. જેજે બ્રહ્મા—આદિ દેખાય છે તે સર્વ નાશવંત છે, તે સર્વનો અંતે કાળ નાશ કરનાર છે, માટે ઉઠ તુરત સાવધ થા. હાલમાં તારો ખરેખર ભાગ્યોદયનો સમય તને પ્રાપ્ત થયો છે. એમાં સંશય નથી. કારણ કે કાનિપ્ર મહાયોગીશ્વર કે જે મારો ગુરૂ બન્ધુ છે. તે સાતસો શિષ્ય સહ આપણાં ઉપવનમાં આવીને રહેલો છે, તે જાલંધરનો પ્રિય મુખ્ય શિષ્ય છે, અતિવિખ્યાત છે. તે કેવળ પરોપકારાર્થેજ અહિ આવેલ છે. તેને અનન્યભાવથી તું શરણજા. અને તારી કાયાને તુરત અમર કર, પ્રધાન તથા ગામના શેઠ સાહુકારોને સાથે લઈને ઉપવનમાં જા અને ત્યાં સિદ્ધનાં દર્શન કર જો કદાચ તે તને નીષ્ઠુર ભાષણ કહે; તોપણ તું દૃઢશાંતિ ધરી ઉત્તર આપજે ક્રોધ જરાપણ કરીશ નહિ

યોગીશ્વર સક્રોધ ભાષણ જો કદાચ કરે તોપણ તેના અંતરમાં તો ઘણી દયા હોય છે, જેમ કે ઘણું કિમતી વસ્ત્ર ધોતાં જો કદાચ પાસાણ ઉપર પછાડવામાં આવે તો તેના હેતુથી તે ફાટી જાય એમ નથી પણ તે પછાડવાથી મેલ માત્રજ જાય છે તથા માતા જેમ પોતાના પુત્રને ઠપકો આપે છે કે મારે છે તે શત્રુ બુદ્ધિથી નહિ; પરંતુ કેવળ પુત્રના દુર્ગુણ જાય તે માટેજ તે તેમ કરે છે, ફણુસના ઉપર તો સર્વ કાંટા છે; પરંતુ અંદર તો મૃદુ અને અમૃતમય હોય છે, તે પ્રમાણેજ યોગીશ્વરોની પણ રીતિ હોય છે, તેની તને ખબર નથી, માખણ કરતાં પણ મૃદુ, ચન્દ્ર કરતાં પણ શીતલ, જળ કરતાં પણ પાતળું એવું સદ્‌ગુરૂનું નિર્મળ અન્તઃકરણ હોય છે. એવા મહાધાર્મિક, સજ્જન મહારાજ કાનિફ આપણા નગરમાં સહજ આવેલા છે, તે માટે તું આનંદથી તારૂં સ્વહિત કરીલે તુરત ઉઠ.

આવાં માતાનાં વચન શ્રવણ કરી મહારાજા ગોપીચંદ તે પ્રમાણે સિદ્ધતા કરવા લાગ્યો. અને મા-

તાને કહ્યું કે–તું મારૂં હિત કરવામાં મહાચતુર છે, એમ કહીને ગોપીચંદે પોતાની માતાને નમસ્કાર કરયા. અને રાજાએ પ્રધાનને બોલાવીને આજ્ઞા કરી કે મારાં અહોભાગ્યથી, આપણા નગરમાં યોગીન્દ્ર આવેલ છે, માટે હાથી, ઘોડા, પાલખી, અને રથ લઇને તેની પાસે જવું છે, અને તેનાં સુખકારક દર્શન કરી તેની પ્રાર્થના કરી આપણા મંદિરમાં લાવવા છે, માટે તે સર્વ તૈયારી કરો. આ પ્રમાણે મહારાજા ગોપીચંદે કહી તુરત ઉપવનમાં જવાનો દ્દઢનિશ્ચય કરયો. નગરના શ્રીમંત લોકોને સાથે લઇને ચરણથી ચાલીને ઉપવન તરફ રાજા ગોપીચંદે ચાલવા માડયું. હીરા અને રત્ન જેમાં જડેલાં છે અને મુક્તાફળની જાળી જેમાં ગુંથેલી છે એવા દિવ્ય રથ સાથે લીધા. જંબુદ્વિપના ભૂષણ રૂપ, પવનના સમાન વેગવાળા અને ઇચ્છાનુસાર ગમન કરનારા–નેવું હજાર અશ્વ રત્ન ચાલવા લાગ્યા. મદોન્મત્ત એક હજાર હાથી, પાંચસો તો કાળા વર્ણના ગજ, અને પાંચશો ધોળા વર્ણના હાથી, એકસો ચાર દાં-

તવાળા હાથી, અને તેના ઉપર રત્ન જડેલ અંબાડી· ઓ તથા બીજા મનુષ્યો પણ સુંદર પાઘડીઓ બાંધી તેના ઉપર બેસીને જતા હતા. આ પ્રમાણે સ્વારી ચાલવા લાગી આવા સકલ વૈભવ સમાગમ લઇને શુદ્ધ ભાવથી રાજા જતો હતો તેણે મનમાં વિચાર કરયો કે—આ સર્વ ગુરૂને અર્પણ કરૂં. આ પ્રમાણે વિચાર કરી કાનીફની પાસે જઇને રાજાએ સાષ્ટાંગ નમસ્કાર કરયા. અને સદ્ભાવથી બે હાથ જોડી આદેશ એમ કહ્યું.

રાજા ગોપીચંદને જોઇને કાનીફ અતિ ક્રોધાયમાન થયો. અને કહ્યું કે તું કોણછે? આવું કાનિફનું બોલવું થતાંજ રાજાએ બ્હીતા બ્હીતા કહ્યું કે—હું ગોપીચંદ- રાજા તમારે શરણ આવ્યોછું. માટે તમે કે જે સમર્થ છો તેણે હું કે જે પામરછું તેના ઉપર કૃપા કરવી. આ પ્રમાણે રાજાનું બોલવું સાંભળી કાનિફે સંતપ્ત થઇને કહ્યું કે—આવું તારૂં નામ કોણે રાખ્યું છે? નામ પાડનાર અવશ્ય ચુકયો છે એમાં જરા સંશય નથી. ગોપીચંદ એ નામનો અર્થ નામ પાડનાર સમજેલજ

નથી એમ જણાય છે. મૂર્ખને મહાપુરૂષ કહે, મદ્યને સુધારસ, ગર્દભને ઉચ્ચૈશ્રવા તેવું તારૂં નામ છે. દુષ્ટ કપોતને ગરૂડ કહે તો તે ચાલે કેમ? માંકડાને પવનકુમાર–હનુમાનજી, બાળવિધવાને જન્મ સાવિત્રી, એ નામ શોભેકે? જે ત્રણે કાળમાં ભિક્ષા માગનાર છે, તેને ધનપાલ શીરીતે કહેવાય? તે પ્રમાણે ગોપીચંદ એ તારૂં નામ દુષ્ણાસ્પદ છે. મહારાજા ત્રિલોકચન્દ્રને પેટે આવીને તેં માત્ર નરક સાધનાજ કરેલ છે. ભાગીરથીના બેટમાં કલ્પવૃક્ષથવું જોઇએ ત્યાં કેરડાનું ઝાડ ઉત્પન્ન થયું તે પ્રમાણે તું ત્રિલોકચન્દ્રના કુળમાં મૂર્ખ નિર્માણ થયો. વિવેક નીતિનો ત્યાગ કરી માયાની જાળમાં સપડાયોછું–પણ તેનો ઉત્તમ વિચાર કર. તું વિષયાસક્ત રાજા છે. તેં તારી સ્ત્રીનું બાપણ સત્યમાની સદ્દગુરૂ જાલંધરનાથને કુવામાં નાખ્યા. તે વખત જરા પણ મૂર્ખ તેં વિચાર કરયો નહિ. આયુષ્યનો નાશ થતાં આ તારી સમૃદ્ધિ અહિંજ રેહેશે. તને તો માત્ર રૌરવ અને કુંભીપાક નામના નરકનું મહાદુઃખ થશે. એતું નિશ્ચય પૂર્વક સમજ જ્યાં

સુધી ચન્દ્ર અને સૂર્ય છે. ત્યાં સુધી તારે દુઃખ ભો. ગવવું જ પડશે, તેનો પ્રતિકાર કરવાનું સાધન તેં કરેલું છે કે નહિ. તું જ બરાબર ભાષણ કરી શકતો નથી, એવો તું પરમનષ્ટ પાતકી છો. તેં કોના દૃઢ વિશ્વાસથી, આવું ઘોર પાપ કર્યું ? સર્વ પાપની અપેક્ષાએ સાધુનો છળ કરવો એ સમાન મહાપાપ બીજું એક પણ નથી, તારા સરખો અવિચારી મહામૂર્ખ એવો તું જ છે, બીજો કોઇ નથી એ નિઃસંશય છે. બોલ હવે તને કોનો ભરૂસો છે, કે જેના યોગે તું સુખી થઇશ.

કાનિફનું આવું ભાષણ શ્રવણ કરી તાપથી રાજા દ્રવીભૂત થયો અને મહાભય પામી થરથર કાંપતાં કહ્યું કે—હે મહારાજ! હું ખરેખરો મહા અપરાધીછું. આ પ્રમાણે કહી સાષ્ટાંગ નમસ્કાર કરી પૃથિવી ઉપર પડયો. આ વખતે તેની માતા મૈનાવતીએ આવીને સ્વમુખથી આદેશ કહીને તેણે સદ્‌ભાવથી ગુરૂભાઇને નમન કર્યું અને પ્રીતિથી આલિંગન દેતાં સમાધાન થયું. મૈનાવતીને જોતાંની

સાથેજ કાનિફનો ક્રોધ તો સમૂલગો ગયોજ. જેમ ચન્દ્રોદય થતાં સર્વ અન્ધકારનો નાશ થાય છે કિંવા સાક્ષાત્ લક્ષ્મીજીનાં દર્શન થતાં દારિદ્ર રહેતુંજ નથી. અને ગંગાજીમાં સ્નાન કરતાં સર્વ પાપ નાશ પામે છે, તે પ્રમાણે કાનિફ મૈનાવતીને જોતાં તે શાન્તિ સુખમાં નિમગ્ન થયો. મૈનાવતીએ અશ્રુયુક્ત નયન કરીને પોતાના પુત્રને કાનિફના પગ ઉપર નાખ્યો. અને કહ્યું કે—આ અપરાધી બાળક તમારો છો. આના ગુણ દોષને મનમાં ન લાવતાં આનો ઉદ્ધાર કરો.

મૈનાવતીના આ શબ્દ કાનિફને ઘણાજ આહ્લાદ દાયક લાગ્યા. માતા અને પુત્ર બે દીન વદન થઇને નાથને વિનતિ કરી કે—અમારા મંદિરમાં પધારી તે સ્થાનને પાવન કરો. આવો તેનો સદ્ભાવ જોઇ તે પ્રમાણે કરવા કાનિફે હા પાડી. ત્યારપછી સાતસો શિષ્ય સહ કાનિફ રાજમંદિરમાં રત્ન જડિત આસન ઉપર બેઠો. રાજા ગોપીચંદે સર્વની પૂજા કરી ભોજન માટે બેસાડ્યા. એટલે કાનિફે પોતાના શિષ્ય સહ મિષ્ટાન્ન ભોજન કર્યું. તે પછી કાનિફે, ગોપી-

ચંદને કહ્યું કે–સદ્દગુરૂનાથ જાલંધરનાથને ક્યાં નાખ્યા છે તે કહે. રાજાએ ડરતાં ડરતાં ઉત્તર આપ્યો કે–મેં વગર વિચાર કરયે જાલંધરનાથને કુવામાં નાખ્યા છે. અને તેના ઉપર લાદ નાખી છે. મેં રાજમદથી ઉન્મત્ત થઇને નરકનું સાધન કરેલ છે. માટે હવે તેનો શું ઉપાય કરવો? તે કાંઇ મને સુજતું નથી.

કાનિફે કહ્યું કે–તું નિર્ભય થા. હું એક યુક્તિ કહુંછું તે પ્રમાણે તું તુરત કર્ય. સોનું, રૂપું, ત્રાંબુ અને લોહું તેનાં નોખાં નોખાં ચાર પુતળાં તૈયાર કરાવ. રાજાએ કાનિફની આ આજ્ઞાને માન્ય કરી ધાતુનાં ચાર પુતળાં તૈયાર કરાવ્યાં અને જે કુવામાં યોગીવર જાલંધરનાથને નાખ્યા હતા ત્યાં કાનિફ–આદિ ગયા. અને મનુષ્યો પાસે કુવામાંથી ઘોડાની લાદ કઢાવી નાખી એટલે જાલંધરનાથ સર્વેની દૃષ્ટિમાં પડયા. તે જાણે પૂર્ણિમાના ચન્દ્રનો ઉદય થયો કે શું? આ પ્રમાણે પરમ કૌતક જોઇને સર્વ નગરનાં લોક ત્યાં એકઠાં થયાં તે વખત લોહાનું પુતળું આગળ કરીને

તેની પાછળ ઉભા રહેવાનું કાનિફે રાજાને કહ્યું. એટલે ગોપીચંદ ઉભો રહીને તેણે જાલંધરને આદેશ કરતાં, ભૂમીમાંથી ધ્વનિ થયો કે તું કોણ છે ? રાજાએ કહ્યું કે–હું ગોપીચંદ. એટલું સાંભળતાંની સાથેજ જાલંધરે ક્રોધથી કહ્યું કે–ભસ્મ થઇજા. એમ કહેતાંની સાથે લોઢાનું પુતળું બળવા લાગ્યું; આ પ્રમાણે ત્રાંબાનું, રૂપાનું અને સોનાનું એમ ક્રમવાર પુતળાં માડ્યાં અને રાજાએ આદેશ કહેતાં, તું કોણ છે એમ જાલંધરે કહેતાં, હું ગોપીચંદ એમ રાજાએ કહ્યું એટલે જાલંધરે કહ્યું કે ભસ્મ થઇજા. આ પ્રમાણે ચારે પુતળાં તત્કાળ ભસ્મ થતાં સર્વ લોક અતિ આશ્ચર્ય પામ્યાં. ત્યારપછી રાજાને કાનિફે કહ્યું કે–હવે તું ગુરૂને આદેશ કર. એટલે ગોપીચંદરાજાએ જાલંધરને આદેશ કહી નમસ્કાર કર્યા. એટલે કુવામાંથી જાલંધરે કહ્યું કે–તું વારંવાર બોલનારો કોણ છે તે કહે. રાજાએ કહ્યું કે–હું મૈનાવતીનો પુત્ર ગોપીચંદરાજા આપને અનન્યભાવથી શરણ આવ્યો છું. એ સાંભળતાં જાલંધરે આશ્ચર્ય પામી પ્રસન્ન થ-

ઇને કહ્યું કે–તું અમર થા. તારી કાયા અમર થશે, એ મારો પૂર્ણ આશીર્વાદ છે. ત્યાર પછી કાનીફે કુવામાંથી જાલંધરનાથને બાહાર કાઢયા. તેને પૂર્ણચન્દ્ર સમાન તેજસ્વી જોતાં સર્વ શિષ્યો સહ કાનિફને, રાજમાતા મૈનાવતીને અને રાજા ગોપીચંદને અત્યાનંદ થયો. આ સત્સંગની મહત્તા છે.

મહારાજા ગોપિચંદ આ પ્રમાણે સદ્‌ગુરૂ દ્વારા- તાપ રહિત થઇને સંસારની માયાનો ત્યાગ કરીને મહા વિરક્ત થયો. અને તેણે પ્રધાન સાથે વિચાર કરીને પોતાના પુત્રને રાજ્યગાદી ઉપર બેસાડયો. અને ત્યારપછી જાલંધરનાથને નમસ્કાર કરી હાથ જોડી વિનતિ કરી કે મને જોગ આપો. ત્યારે જાલંધરે કહ્યું કે–તું જોગને ભરૂસે ન રહે. વિષ ખાવું, આકાશમાં ચાલવું તથા પોતાના બાહુના પરાક્રમે સાગરને તરી પાર થવું, પૃથિવીનું વજન કરવું. બ્રહ્માંડની રચના કરવી, એ બધું સુગમ છે; પરંતુ તે સર્વ કરતાં વૈરાગ્યમાં ઘણી અગવડ છે. જો કે મારા શુભાશીર્વાદથી તારી કાયા અમર થઇ, માટે હવે તું સ્વસ્થપણે રહીને

રાજ્ય સુખ ભોગવ, વિના પ્રયોજને સુખનો ત્યાગ કરી દુ:ખી થવામાં શું સ્વાર્થ છે ?

આ પ્રકારે સદ્દગુરૂ જાલંધરનાથનું બોલવું થતાં, ગોપીચંદે કહ્યું કે—સ્વામીની કૃપા જો મારા ઉપર પૂર્ણ રીતે છે, તો પછી મને કોઇપણ બાબત અશક્ય નથી. રાજાનું આવું સંભાષણ શ્રવણ કરી જાલંધરનાથે તેને પૂર્ણ અનુતાપી જાણીને તેને વૈરાગ્ય આપ્યો. સેલી, મુદ્રા, કંથા—આદિ લઇને ગોપીચંદે સર્વાંગે ભસ્મનું લેપન કર્યું એટલે સદ્દગુરૂએ આજ્ઞા કરી કે—ઘરોઘર જઈ આલેખ જગવીને ભિક્ષા માગ. આ પ્રમાણે ગુરૂ આજ્ઞા થતાં ગોપીચંદે તત્કાળ પોતાની પાટરાણીને મંદિરે જઇને આલેખ એમ કહીને ભિક્ષા માગી. તે સમય નગરના લોક મહાઆશ્ચર્ય પામ્યાં. વૈરાગ્ય શીલ પતિ પામીને રાણી મહાઆક્રોશ પૂર્વક રૂદન કરતી કહેવા લાગી કે—હે મહારાજ ! આવું વિપરીત કેમ કર્યું ? મારો જરાપણ અપરાધ નથી, છતાં આપે આવું અઘટિત કર્મ કેમ કર્યું તેની મને બહુ નવાઈ લાગે છે. જે સ્થળે નખ લાગે નહિ તે સ્થળે કુહાડા-

નો શી રીતે ઉપયોગ કરાય. તમારી અતિ સુકુમાર કાંતિ, અને નાના પ્રકારના ઉપચારોનો ત્યાગ કરીને આ વિભૂતિ શા માટે લગાવી ? હવે તમારાં ચરણ કોણ ધોશે તેની મને ઘણી ચિંતા થાય છે, આ પ્રમાણે રાણીનું બોલવું થતાં ગોપીચંદે કહ્યું કે—ગંગા અને યમુના—આદિ મહાનદી મારાં ચરણ ધોશે. એટલે રાણીએ કહ્યું કે—તમારી શેજ ઉપર કોણ શયન કરશે ? રાજાએ કહ્યું કે કાવડી અને ઝોળી નિરંતર મારી શેજ ઉપર શયન કરશે. તે માટે તારે જરા ચિંતા કરવી નહિ. રાણીએ કહ્યું કે—તમારી સાથે ઉત્તમ પ્રકારની રસ યુક્ત વાર્ત્તા કોણ કરશે ? રાજાએ કહ્યું કે—કિનરી અતિ સુંદર વાર્ત્તા કરશે. રાણીએ કહ્યું તમારે માટે ભોજન કોણ કરશે ? રાજાએ કહ્યું કે—તારા સરખી માતા ઘરોઘર મને પુષ્કળ ભિક્ષા આપશે. આ પ્રમાણે પટ્ટરાણી સાથે વાર્ત્તા કરી તે ત્યાંથી ચાલ્યો. તે પ્રમાણે સોળસો રાણી અને બારસો ભોગાંગના સર્વ શોકાતુર થઇને પૃથિવી ઉપર પડી ગઈ, અને તેનો મહાવિલાપ થઇ રહ્યો.

ગોપીચંદ રાજા ભિક્ષાને માટે નગરમાં ફરતો ફરતો પોતાની માતાના મંદિરમાં ગયો, અને ત્યાં તેણે દુધ ભાત માગ્યો. પોતાનો પુત્ર મહાવિરક્ત થયો છે તે નિરખીને રાજમાતા મૈનાવતી મહાઆનંદ પામી. અને તેણે કહ્યું કે—આ પુત્રે મારે પેટ અવતાર લઇને ઉભયકુળનો ઉદ્ધાર કરયો.એમાં સંશય નથી.ધન્યછે સદ્‌ગુરૂ જાલંધરને! કે જેણે તને સંસાર માયાથી મુક્ત કરીને તારી કાયા અમર કરી. અહાહા! તેનો કેટલો બધો ઉપકાર! તેનો કોઇ રીતે તેનો બદલો વળે તેમ નથી. હે બાળક! તું છંપન દેશ અવલોકન કર. પણ તારી બેન ચંપાવતી તેના નગરમાં જઇશ નહિ. તે બહુજ નાની છે, તને માયાની જાળમાં તે ગુંથશે. આ પ્રમાણે રાજમાતાનું ભાષણ શ્રવણ કરી તેને નમસ્કાર કરી ત્યાંથી ગોપીચંદ ચાલતો થયો. અને અનેક પ્રકારનાં તીર્થ કરી અનેક દેશ ગોપીચંદે અવલોકન કરયા. છેવટે પરદેશમાં જઇને ભદ્રાવતી નગરીમાં જઇને પોતાની બેન ચંપાવતીનાં મંદિરમાં જઇને આદેશ કહીને આંગણામાં ઉભો રહ્યો. ચંપાવતી તો જો-

કને મહા વિસ્મય પામી. તેણે દાસીને કહ્યું કે—આ યોગી અવશ્ય મારા ભાઇ ગોપીચંદ સમાન જણાય છે. ચંપાવતીએ બરાબર રીતે જોઇને પોતાના બંધુને ઓળખ્યો, અને તે ગદ્ગદિત થઇ ગઇ. દાસીએ જોગીને પુછ્યું કે—તમારો દેશ કયો? તમારૂં નામ શું? એ અમને કહો. તે વખત ગુરૂપુત્રે કહ્યું કે—ગૌડ બંગાલ દેશમાં કાંચનનગર છે. ત્યાં ત્રિલોકચંદરાજાનો પુત્ર હું ગોપીચંદરાજા ગુરૂ કૃપાથી અકસ્માત્ સંસારથી વિરક્ત થયો છું. આ પ્રમાણે શ્રવણ કરતાંની સાથે ચંપાવતી રૂદન કરવા લાગી. હે બાંધવા! વેરાગ્ય શા કારણથી ધારણ કરયો! અતિ સુંદર સોલસો રાણી અને તે વગર પટરાણી છે તથા રત્ન જડિત ભવ્ય મનોહર મંદિરોનો ત્યાગ કરીને આ વૈરાગ્ય શા માટે જોઇએ? ઇન્દ્ર પદને લજાવનારી વિકલ સંપત્તિનો ત્યાગ કરી આવી ઉદાસ વૃત્તિ શા માટે ધારણ કરી. અહિ રત્ન જડિત મઠ અત્યુત્તમ બંધાવી દઉં તેમાં નિરંતર રહે. પણ ઉદાસ ન થા. રત્ન જડિત મેખલા કરાવી દઉં આ પ્રમાણે કહીને ચંપાવતી રૂદન કરવા લાગી

આ પ્રમાણે બેનની માયા જાળમાં ગોપીચંદનો નિશ્ચય જરાપણ ફરયો નહિ. સદ્ગુરૂ કૃપાથી તેનું મન પ્રપંચ તરફ વળતુંજ ન હતું તેતો સત્વર પોતાની બેન ચંપાવતીના મંદિરમાંથી નિકળીને, સિદ્ધ પુરૂષોનાં દર્શન કરતાં, સર્વ દેશમાં ફરતાં ફરતાં તેણે બાર વર્ષ વ્યતીત કરયા ત્યારપછી જન્મ ભૂમી કાંચન પુરીમાં આવી મૈનાવતીનાં દર્શન કરી દુધ ભાતનું ભોજન કરવા લાગ્યો. અને પાછો ગોપીચંદ સિદ્ધ લોકોનાં દર્શન માટે ત્યાંથી ચાલ્યો. અને ગુરૂ કૃપાથી કાળને જીતીને અમર થયો. આવો સદ્ગુરૂનો મહિમા અગાધ છે આ પ્રમાણે મહારાજા ગાપીચંદે સંસારનો ત્યાગ કરયો. યોગ સાધના દ્વારા પ્રભુને પામી તેણે પોતાના જીવનનું સાર્થક કરયું હતું. આ સર્વ તેની પવિત્ર માતા મૈનાવતીનો પ્રતાપ હતો. સંસારનો ત્યાગ કરવો મહાઅશક્ય છે. તેમાં પણ રાજ્ય જેવા વૈભવ અને સુખનો ત્યાગ કરી વિરક્ત થવું એ તો મહાઅશક્ય છે. એ તો પૂર્વ જન્મના પુણ્યથી અને સદ્ગુરૂના પ્રતાપથીજ બની શકે છે. આ પ્રતાપી પુરૂષ ગોપીચંદનું ચરિત્ર ઘણુંજ

ઉત્તમ અને શિક્ષણ લેવા યોગ્ય છે. આ જગતમાં ગોપીચંદ પોતાનું જીવન સાર્થક કરી અમર કીર્ત્તિ કરી ગયો છે. કે જે આજ પર્યન્ત સર્વત્ર સતેજ છે. તેને હજારવાર ધન્યવાદ છે. ધન્ય છે એની માતા મૈનાવતીને!! સંસાર તેણેજ સાર્થક કરયો. મૈનાવતી માતા જેવી માતાઓ વિરલ હોય છે અને ગોપીચંદ જેવા પુત્રો પણ વિરલા હોય છે.

આ ઉપરથી સમજવાનું એ છે કે—આ ક્ષણભંગુર સંસારને અસાર જાણી, રાજપાટ, લક્ષ્મી, સ્ત્રી, અને પુત્ર—આદીને અસત્ય જાણી તેના જુઠા મોહપાશમાં ન સપડાતાં ઇશ્વરનું આરાધન કરી પોતાના દેહનું કલ્યાણ કરવા સ્વસ્વરૂપનું ઓળખાણ કરવું એજ પ્રત્યેક મનુષ્યનું કર્ત્તવ્ય કર્મ છે.

આજકાલના લોકો તો પોતાના કલ્યાણનો માર્ગ ન પકડતાં અવળે રસ્તે વિચરે છે, તે અવળે રસ્તે વિચરવાથી મહાકલેશ પામે છે, અને અંતે કુંભીપાકના અધિકારી થાય છે. આ જગતમાં મનુષ્ય દેહ ધારણ કરીને, ગાડી,વાડી લાડીની મોજમજામાં કાળ

ક્રમણ કરવાનો નથી; પરન્તુ નિરંજન નિરાકાર પર-માત્માનું ભજન કરી, સદ્‌ગુરૂદ્વારા સર્વ વિદ્યાના શિખર રૂપ બ્રહ્મવિદ્યાનાં વાસ્તવિક તત્વને જાણી આ સર્વ નાશવંત છે, એમ સમજી, સાંસારિક મોહજાળમાંથી મનને દૂર કરી, કેવળ ઇશ્વર ભજનમાંજ કાળ ક્રમણ કરવો, એજ મનુષ્ય જન્મનુ મૂખ્ય અગત્યનુ કર્ત્તવ્ય કર્મ છે. સ્ત્રી-આદિના મોહમાં સપડાઈ પુરૂષો નાનાપ્રકારનાં ન કરવાનાં કર્મો કરે છે. અને પછી મહારાજા ગોપિચંદ તથા તેના મામા માલવપતી રાજર્ષિ ભર્ત્તૃહરિના સમાન અપરિમીત પશ્ચાતાપ કરે છે. માટે, સ્વશ્રેયાર્થે ભૂલે ચૂકે પણ કદિ સ્ત્રીઓનો વિશ્વાસ કરવો નહિ. સ્ત્રીઓને અવિચારી કામ કરતાં જરાવાર લાગતીનથી. સ્ત્રી છે તે કુટુંબમાં ક્લેશ કરાવનાર છે, ભાઇઓમાં વિક્ષેપ કરાવનાર છે. આપ્ત મંડળનાં મન ઉંચા કરાવનાર છે; ટુંકામાં સંસારમાં પુનઃપુનઃજન્મ-મરણ આપનાર સ્ત્રીજ છે, માટે જ્યાં સુધી વિષયાસક્ત થઇ, સ્ત્રીની મોહજાળમાં પુરૂષ સપડાઇ રહે છે, ત્યાં સુધી તેને જન્મ-

મરણ ટળનારજ નથી અને જ્યાં સુધી જન્મ-મરણ છે ત્યાં સુધી દુઃખનો અંત આવનાર નથી. માટે પ્રત્યેક સમજુ મનુષ્યે ભવસાગરથી પારથવા આ સંસારને ઉપાધિ રૂપ જાણી, અને સ્ત્રી, પુત્ર-આદિ ક્લેશ કરાવનાર છે એમ સમજી તેમનાથી વિરક્ત રહિ, સદ્ગુરૂને શરણ જઇ પોતાનું કલ્યાણ થાય તેવો માર્ગ પકડવો ઘટે છે.

સમાપ્ત.

